CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૧ બુધવાર, તા.૨૪-૦૪-૨૦૨૪ અંક : ૧૦૩ વર્ષ : ૧૯ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# આજે ૮૮ બેઠકો પર પ્રચાર પડઘમ શાંત

## ૧૩ રાજ્યની બેઠકો પર બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે મતદાન

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાના મતદાનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આજે સાંજે બીજા તબક્કા માટે ચૂંટણી પ્રચાર શાંત થશે. તે બાદ ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યની ૮૮ લોકસભા બેઠકો પર મતદાન થશે. આ બેઠકોનું પરિણામ એક સાથે ૪ જૂને જાહેર કરવામાં આવશે. મતદાન શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે થઈ શકે તેના માટે ચૂંટણી પંચે પુરી તૈયારી કરી લીધી છે.



બીજી તરફ ત્રીજા તબક્કાના મતદાન માટે નામ પરત ખેચવાની તારીખ સ્પષ્ટ થયા બાદ કુલ ઉમેદવારોની તસવીર પણ સ્પષ્ટ થઈ ગઈ છે. ત્રીજા તબક્કામાં ૭ મેએ ૧૨ રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૫ બેઠક પર મતદાન થશે. ત્રીજા તબક્કામાં આ ૯૫ બેઠકો માટે કુલ ૧૩૫૧ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. ચૂંટણી પંચ અનુસાર, ત્રીજા તબક્કાના મતદાન માટે કુલ ૨૯૬૩ નોમિનેશન ફોર્મ ભરવામાં આવ્યા હતા, તેની તપાસ બાદ માત્ર ૧૫૬૩ ફોર્મ જ યોગ્ય હતા જેમાંથી ૨૧૨ ઉમેદવારોએ પોતાનું નામ પરત ખેચી લીધુ હતું.

## પહેલી મેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે પંચમહાલ અને દાહોદના ઉમેદવાર માટે સભા સંબોધશે

(જી.એન.એસ) દાહોદ, તા. ૨૩

ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રચાર માટે વડાપ્રધાનશ્રી ગુજરાત આવવાના છે, ત્યારે ૧ મે ૨૦૨૪ ગુજરાત સ્થાપના દિવસે દાહોદ અને પંચમહાલના ભાજપના ઉમેદવારો માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી પ્રચાર કરશે. લીમખેડામાં પી. એમ મોદી જંગી જાહેર સભાને સંબોધશે. લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ પ્રથમ વાર વડાપ્રધાનશ્રી મોદી વતનમાં આવશે. ગુજરાતની ૨૬ માંથી ૨૬ બેઠકો કબજે કરવાનો ભાજપનો પ્રયત્ન છે.

પી. એમ મોદી પંચમહાલ અને દાહોદના ભાજપના લોકસભા ચૂંટણીના ઉમેદવારો માટે પ્રચાર અને સભા કરશે. પીએમ મોદી પંચમહાલ લોકસભના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ અને દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર જસવંતસિંહ ભાભોર માટે ચૂંટણી પ્રચાર કરશે.



## લોન ન ચૂકવનાર સામે બેંક એલઓસી જારી કરી શકે નહીં : બોમ્બે હાઈકોર્ટ

### કેન્દ્ર સરકારે ૨૦૧૮માં બેંકોને LOC જારી કરવાનો અધિકાર આપ્યો હતો

મુંબઈ,

બોમ્બે હાઈકોર્ટે એક સુનાવણી દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે જાહેર ક્ષેત્રની બેંકો લોન ડિફોલ્ટર્સ સામે લુક આઉટ સર્ક્યુલર જારી કરી શકે નહીં. કોર્ટે કહ્યું કે તેમને આવું કરવાનો કાનૂની અધિકાર નથી. આ નિર્ણય બાદ સરકારી બેંકો દ્વારા જારી કરવામાં આવેલ એલઓસી રદ કરવામાં આવશે.

જસ્ટિસ ગૌતમ પટેલ અને જસ્ટિસ માધવ જામદારની ખંડપીઠે કેન્દ્ર સરકારના ઑફિસ મેમોરેન્ડમની કલમને ગેરબંધારણીય જાહેર કરી હતી. આ કલમમાં જાહેર ક્ષેત્રની બેંકોને આવા કેસમાં LOC જારી કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે ઈમિગ્રેશન બ્યુરો આવા એલઓસી પર પગલાં લેશે નહીં. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેનો નિર્ણય કોઈપણ ટ્રિબ્યુનલ અથવા ફોજદારી અદાલતના આદેશને અસર કરશે નહીં, જેમાં કોઈને વિદેશ પ્રવાસ કરતા અટકાવવામાં આવ્યા હોય.

## ઉત્તરી ગાઝા પટ્ટીમાં મોટા હુમલાનો ભય : ઈઝરાયેલી સેનાએ વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો

### તમે જ્યાં રહો છો તે યુદ્ધ ક્ષેત્ર છે હુમલો ગમે ત્યારે થઈ શકે છે તેથી, તમારા પરિવાર સાથે આ વિસ્તાર છોડી દો

તેલઅવીવ,

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, બંને દેશો એકબીજા પર હુમલા કર્યા છે, ત્યારે ઈઝરાયેલી સેનાએ ગાઝાના ઉત્તરીય વિસ્તારોના રહેવાસીઓને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. અને કહ્યું છે કે, 'તમે જ્યાં રહો છો તે યુદ્ધ ક્ષેત્ર છે. હુમલો ગમે ત્યારે થઈ શકે છે. તેથી, તમારા પરિવાર સાથે આ વિસ્તાર છોડી દો.'

ઈઝરાયેલે ઉત્તરી ગાઝા પટ્ટીના બીટ લાહિયા શહેરના રહેવાસીઓને આ વિસ્તારમાં નવા મોટા હુમલાની આશંકાથી તાત્કાલિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસના પ્રવક્તા અવિચાય અદ્રાઈએ મંગળવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ લખીને વિસ્તારમાં રહેતા તમામ લોકોને ચેતવણી આપી હતી.

તેમણે પોસ્ટમાં લખ્યું છે કે, 'તમે ખતરનાક યુદ્ધ ક્ષેત્રમાં છો. અહીં ગમે ત્યારે હુમલો થવાની શક્યતા છે. તેમણે કહ્યું કે સેના પાસે આ ક્ષેત્રમાં હમાસ વિરુદ્ધ મોટી તાકાત સાથે કાર્યવાહી કરવાની રણનીતિ છે.ઈઝરાયેલની બચાવ સેવાના જણાવ્યા અનુસાર, ગત મંગળવારે ગાઝાથી દક્ષિણ ઈઝરાયેલના શહેર સેડેરોટ તરફ ચાર રોકેટ છોડવામાં આવ્યા હતા. જેના કારણે હવાઈ હુમલાની સાયરન વગાડવામાં આવી હતી. જોકે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. રોકેટ પર છોડેલી ઈન્ટરસેપ્ટર મિસાઈલના કાટમાળને કારણે ગેરેજમાં આગ લાગી હતી.

## ૨૦૨૫માં જ ભારત વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની જશે

### પ્રતિ વ્યક્તિ આવકમાં ભારતનું રેન્કીગ સુધર્યું: વિશ્વમાં ૧૫૩માંથી ૧૪૪માં સ્થાને

નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય નાણાભંડોળે એપ્રિલ ૨૦૨૪ વર્ષમાં કરેલા એક પ્રોજેકશન મુજબ ભારત ૨૦૨૫માં જ જાપાનને પાછળ રાખીને વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બની જશે અને ૨૦૨૭માં તે જર્મનીને પણ પાછળ છોડી ત્રીજા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બનશે. આ ઉપરાંત ચીનની જીડીપી પણ વધવાની ધારણા છે.૨૦૨૩માં ચીનની જીડીપી અમેરિકાની જીડીપી કરતા ૬૫ ટકા હતી તે ૨૦૨૯માં ૭૧ ટકા થઈ જશે અને ભારતની જે ઘરેલુ વિકાસદર વધી રહ્યો છે તેના કારણે તેના પ્રતિ નાગરિક આવક પણ વિશ્વમાં ૧૪૪માંથી ૧૩૬માં સ્થાને આવી જશે. વિશ્વના સૌથી ઝડપી વિકાસ પામતા અર્થતંત્ર તરીકે ભારત નંબર વન છે ત્યારે દેશનો હવે જીડીપી રેન્કીગ પણ જે ૨૦૧૮માં ૧૫૩ હતો તે સુધરીને ૧૪૪ થયો છે અને ભારતે હવે રીપબ્લીક ઓફ કોંગો, ઘાના, કેન્યા, કમ્બોડીયા અને લાઓસ પીપલ્સ ડેમોક્રેટીક રીપબ્લીકને પાછળ રાખી દીધા છે અને ૨૦૨૯ સુધીમાં તે કેરેબીયન દેશો પપુઆ ન્યુ ગુએના અને અંગોલા ઉપરાંત ઉઝબેકીસ્તાનને પણ પાછળ રાખી દેશે.

## ગેસ ગળતરથી બનાસકાંઠામાં ૩ શ્રમિકોના મોત

### કુંડીમાં એકઠા થયેલ ગેસનાં કારણે પાંચ શ્રમિકોને ગુંગળામણ થઈ હતી

બનાસકાંઠા,

બનાસકાંઠામાં ગેસ ગળતરનાં લીધે ૩ શ્રમિકોનાં મોત નિપજતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ પેપર મિલમાં પેપર પલાળવા માટે કુંડીઓ બનાવી હતી. જે કુંડીઓ છેલ્લા એક સપ્તાહથી બંધ હોવાથી અંદર ગેસ એકઠો થયો હતો. મંગળવાર રાત્રે શ્રમિકો કુંડીમાં ઉતર્યા હતા. ત્યારે કુંડીમાં એકઠા થયેલ ગેસનાં કારણે શ્રમિકને ગુંગળામણ થવા પામી



હતી. બેભાન થઈ ગયેલ મજૂરોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જે બાદ બેભાન થઈ ગયેલ મજૂરોને તાત્કાલીક ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા.મજૂરો બેભાન થઈ ગયાની જાણ મિલનાં કામદારોને થતા તેઓ તાત્કાલીક ફાયર ફાઈટર વિભાગને આ બાબતે જાણ કરતા ફાયર ફાઈટરનાં કર્મચારીઓ તાત્કાલીક ઘટનાં સ્થળે આવી પહોંચી શ્રમિકોનો બહાર કાઢી તેઓને તાત્કાલીક ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

## રામદેવ-બાલકૃષ્ણએ વધુ એક માફી પત્ર છપાવ્યું

### કેસની આગામી સુનાવણી ૩૦ એપ્રિલે થશે

નવીદિલ્હી,

પતંજલિ ગ્રૂપ પર અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરીને એલોપેથી વિરુદ્ધ નકારાત્મક પ્રચાર કરવાનો આરોપ છે, જેના પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. દરમિયાન, પતંજલિએ બુધવારે (૨૪ એપ્રિલ) અખબારોમાં વધુ એક માફી પત્ર પ્રકાશિત કર્યો છે. અગાઉ, પતંજલિએ ૨૨ એપ્રિલે પણ માફી પત્ર પ્રકાશિત કર્યો હતો, જેના માટે કોર્ટે તેમના નાના કદ માટે તેમને ઠપકો આપ્યો હતો.પતંજલિએ બુધવારે પ્રકાશિત માફી પત્રમાં લખ્યું- અમે જાહેરાતો પ્રકાશિત કરવામાં થયેલી ભૂલ માટે નિષ્ઠાપૂર્વક અને બિનશરતી માફી માંગીએ છીએ. આવી ભૂલનું પુનરાવર્તન નહીં થાય. અમે સર્વોચ્ચ અદાલતના નિર્દેશોનું સાવધાની સાથે પાલન કરવાનું વચન આપીએ છીએ.

## ૨૦૨૬ સુધીમાં દોડશે દેશની પહેલી બુલેટ ટ્રેન

### એક સેક્શનમાં પ્રથમ ટ્રેન ચલાવવા માટે તૈયાર થઈ જશું - મંત્રી અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,

કેન્દ્રીય રેલવે અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને મંગળવારે કહ્યું કે, દેશની પ્રથમ બુલેટ ટ્રેન માટેના જુદા જુદા સ્ટેશનો પર નિર્માણાધિન કાર્યમાં ઘણી પ્રગતિ જોવા મળી રહી છે. ૨૦૨૬ સુધીમાં અમે એક સેક્શનમાં પ્રથમ ટ્રેન ચલાવવા માટે તૈયાર થઈ જશું.

આઈએએનએસને આપેલા ઈન્ટરવ્યુમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અમદાવાદ-મુંબઈ રૂટ પર બુલેટ ટ્રેનનું કામ સારી રીતે ચાલી રહ્યું છે. તેમણે કહ્યું, '૨૯૦ કિલોમીટરથી વધુનું કામ પૂર્ણ થઈ ગયું છે. જે અંતર્ગત ૮ નદીઓ પર પુલ બનાવવામાં આવ્યા છે. હાલ ૧૨ સ્ટેશનો પર કામ ચાલી રહ્યું છે. આ સ્ટેશનોનું કામકાજ પણ પૂર્ણતાના આરે પહોંચી ગયું છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે બુલેટ ટ્રેનને લઈને ૨ ડેપો પર કામ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું, 'વર્ષ ૨૦૨૬માં તેના પ્રથમ તબક્કામાં ટ્રેન શરૂ કરવાનું લક્ષ્યાંક છે. આ બાબતને



ધ્યાનમાં રાખીને કામગીરી ખૂબ જ ઝડપી ગતિએ ચાલી રહી છે. બુલેટ ટ્રેન ખૂબ જટિલ પ્રોજેક્ટ છે. આના પર કામ વર્ષ ૨૦૧૭માં શરૂ થયું હતું અને ડિઝાઈનને તૈયાર કરવામાં લગભગ અઢી વર્ષનો સમય લાગ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'બુલેટ ટ્રેનની ડિઝાઈન જટિલ છે કારણ કે જે ઝડપે ટ્રેન દોડવાની હોય છે, તેમાં ઘણું વાઈબ્રેશન હોય છે. એ વાઈબ્રેશનને રોકવા માટે શું કરવું એ બધી વસ્તુને ખૂબ જ કાળજીપૂર્વક જોવાની જરૂર છે. આના પર વધુ કામ ટૂંક સમયમાં શરૂ થશે.ગુજરાતમાં આણંદ બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ કાર્ય પણ પ્રગતિમાં છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના પ્રવક્તા સુષ્મા ગૌરે જણાવ્યું કે સ્ટેશન માટે પાઈલીંગનું કામ ડિસેમ્બર ૨૦૨૧માં શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં ૧૦૦ ટકા કોન્કોર્સ સ્લેબ, ટ્રેક સ્લેબ અને સ્ટ્રક્ચરલ સ્ટીલનું કામ પૂર્ણ થયું છે. આણંદ શહેરને ભારતની દૂધ નગરીથી ઓળખવામાં આવે છે. આણંદ બુલેટ ટ્રેન સ્ટેશનનો અગ્રભાગ અને આંતરિક ડિઝાઈન દૂધના ટીપાંની પ્રવાહી પ્રકૃતિ, આકાર અને રંગથી પ્રેરિત છે.

## DRDOએ સૌથી હળવું બુલેટ પ્રૂફ જેકેટ બનાવ્યું

નવીદિલ્હી,

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ દેશનું સૌથી હળવું બુલેટ પ્રૂફ જેકેટ બનાવ્યું છે. સંરક્ષણ મંત્રાલયે મંગળવારે આ માહિતી શેર કરી.

પોલિમર બેકિંગ અને મોનોલિથિક સિરામિક પ્લેટથી બનેલું આ જેકેટ ૬ સ્નાઈપર બુલેટ દ્વારા પણ ભેદી શકાયું ન હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે જેકેટનું ઈન-કંક્શન (ICW) અને એકલ ડિઝાઈન સૈનિકોને ૭.૬૨ટ૫૪ RAPI (BIS ૧૭૦૫૧નું લેવલ ૬) દારૂગોળા સામે રક્ષણ પૂરું પાડશે. આ જેકેટ કાનપુર સ્થિત ઢઈર્ઢના સંરક્ષણ સામગ્રી અને સ્ટોર્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (DMSRDE) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. જેકેટનું પરીક્ષણ BIS ૧૭૦૫૧-૨૦૧૮ હેઠળ TBRL ચંદીગઢ ખાતે કરવામાં આવ્યું હતું.

સચિવ, સંશોધન અને વિકાસ, સંરક્ષણ વિભાગ અને અધ્યક્ષ, DRDOએ હળવા વજનના બુલેટપ્રૂફ જેકેટને વિકસાવવા બદલ DMSRDEને અભિનંદન પાઠવ્યા છે.

## MP-UPમાં તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચ્યું ગરમીને જોતા ઓડિશાની શાળાઓમાં રજા

### છત્તીસગઢ સહિત ૨૧ રાજ્યોમાં વરસાદની આગાહી

નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગએ દેશના ઘણા રાજ્યોમાં ભારે ગરમીનું એલર્ટ જાહેર કર્યું છે. જે મુજબ આજે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને કર્ણાટકમાં હીટવેવ રહેશે. તેમજ, પશ્ચિમ બંગાળમાં તીવ્ર હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ ચાર રાજ્યોમાં તાપમાન પણ ૪૨ ડિગ્રીએ પહોંચી ગયું છે. ગરમીને જોતા ઓડિશામાં બાળકો માટે શાળામાં રજા જાહેર કરવામાં આવી છે. આ સિવાય છત્તીસગઢની તમામ શાળાઓ પણ ૧૫ જૂન સુધી બંધ રહેશે.હવામાન વિભાગે કહ્યું છે કે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશમાં આગામી ૪-૫ દિવસમાં ૪૨ ડિગ્રી પાર જશે.

CMYK CMYK

# આર્મીનો યુનિફોર્મ પહેરી દારૂની હેરાફેરી



## દોઢ લાખની વિદેશી દારૂની બોટલો મળી : કોન્સ્ટેબલને નકલી આર્મી મેજરે સેલ્યુટ કરી દેતા ભાંડો ફૂટી ગયો

ગાંધીનગર

મહારાષ્ટ્ર નંદુરબારમાં વાહન ચેકિંગ દરમિયાન ટ્રાફિક જામ થયો ત્યારે ગોરવાનો શખ્સ આર્મીના મેજર રેન્કનો યુનિફોર્મ પહેરી પોલીસ પર રોફ જાળવા ગુસ્સે થઈ જલ્દી ટ્રાફિક ક્લિયર કરાવવા કહેવા કારમાંથી ઉતરી પડ્યો હતો. જોકે આ દરમિયાન એક કોન્સ્ટેબલ નજીક આવતા નકલી આર્મી મેજરે સામેથી સેલ્યુટ કરી દેતા ભાંડો ફૂટી ગયો હતો.

પોલીસે નકલી મેજરની કાર તપાસતાં દોઢ લાખની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. નંદુરબાર પોલીસે નકલી મેજર રાહિલ શફી ઉર્ફે મોહમદ ફારૂક શેખ )(રહે, નુર બંગ્લો, મધુનગર, ગોરવા)ની પૂછપરછ કરતા તે સતત પોતે આર્મીનો અધિકારી હોવાનું રટણ કરતો, સાથે જ તે નકલી આર્મીનું આઈકાર્ડ પણ લઈને ફરતો હતો અને હાલ તેની નોકરી વડોદરા ઈએમઈમાં હોવાનું જણાવતો હતો. નંદરબાર પોલીસ રાહિલના ઘરે ગોરવા તપાસ કરી ત્યારે પણ વિવિધ પ્રકારની બ્રાન્ડેડ વિદેશી દારૂની રૂ.૩.૬૭ લાખની બોટલો મળી હતી. જે અંગે ગોરવા પોલીસે રાહિલની પત્ની શાહિદા શેખ સામે ગુનો નોંધ્યો હતો.

આરોપી હાલ નંદુરબાર પોલીસના ચાર દિવસના રિમાન્ડ પર છે. રિમાન્ડ પૂર્ણ થયા બાદ ગોરવા પોલીસ ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીની ધરપકડ કરી કાર્યવાહી કરશે. આરોપી આર્મીનો યુનિફોર્મ પહેરી કેટલા સમયથી દારૂની હેરાફેરી કરતો હતો. તેની તપાસ આગળ વધારાઈ છે. તેની સામે હજી સુધી કોઈ પ્રોહિબિશનનો ગુનો ન નોંધાયો હોવાનું જાણવા મળ્યું હતું.

# મુખ્યમંત્રી પટેલે કષ્ટભંજનદેવની ઉતારી આરતી

બોટાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળવારે પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર, સાળંગપુર ધામ ખાતે આયોજિત હનુમાન જયંતિ ઉત્સવમાં ભક્તિભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન હનુમાનજી મહારાજને ચઢાવવામાં આવેલ મહા અન્નકૂટની આરતીમાં ભાગ લીધો હતો અને સૌના સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

હનુમાન જયંતિના પાવન અવસરે સાળંગપુર ધામમાં દર વર્ષે યોજાતી વિવિધ ધાર્મિક કાર્યક્રમોની પરંપરા મુજબ આ વર્ષે પણ સમૂહ મારુતિ યજ્ઞની સાથે હનુમાનજી મહારાજને અર્પણ કરેલ મહા અન્નકૂટ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન જયંતિ નિમિત્તે તેમણે હનુમાનજી



મહારાજની ભક્તિભાવપૂર્વક આરતી કરી હતી અને તમામ લોકોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના પણ કરી હતી.હનુમાન જયંતિની આ ભવ્ય ઉજવણીમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો, આગેવાનો અને ભક્તોએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો.

# ડ્રાઈવરને ચક્કર આવતા ૪૧ મુસાફરો ભરેલ એસટી બસ દીવાલ સાથે અથડાઈ

## એસ ટી બસને સાઈડમાં ઊભી રાખવા જતા એસ ટી બસ રોડ સાઈડમાં ખાડામાં ઉતરી ગઈ



અમદાવાદ

અમદાવાદ વિરમગામ હાઈવે પર જખવાડા ગામ પાસે ઝાલોદ તરફથી આવતી જામનગર તરફ જતી દાહોદ-જામનગર એસટી બસ નંબર જીજે-૧૮-ઢ-૮૫૩૦ના ડ્રાઈવરને અચાનક ચક્કર આવતા એસ ટી બસને સાઈડમાં ઊભી રાખવા જતા એસ ટી બસ રોડ સાઈડમાં ખાડામાં ઉતરી ગઈ હતી અને દીવાલ સાથે અથડાઈ હતી.

આ બસના ડ્રાઈવર અને એક મુસાફરને સામાન્ય ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વિરમગામ ગાંધી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં હતા. આ એસટી બસમાં ૪૧ કુલ મુસાફરોમાં સવાર હતા, જેમાંથી ૪૦ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. એસટી બસને ભારે નુકસાન પહોંચ્યું હતું.

# કારમાં લાલ બત્તી અને નકલી નંબર પ્લેટ લગાવી રોફ જમાવતો કેન્દ્ર સરકારનો નકલી અધિકારી ઝડપાયો

## કાર ન રોકતા પોલીસે પીછો કરીનેઅટકાવી પૂછપરછ કરતા ભાંડો ફૂટી ગયો હતો

અમદાવાદ

લોકસભાની ચૂંટણીને શહેરમાં વિવિધ જગ્યાએ પોલીસ બંદોબસ્ત અને વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આરોપી સૌરીન પોતાની દિલ્હી પાસિંગ DL 03 CCM 9591 નંબરની ક્રેટા ગાડી લઈને નીકળ્યો હતો. આ ગાડીમાં પોલીસની સરકારી વાહનોમાં લાગે તેવી લાલ અને વાદળી લાઈટ લગાવેલી હતી. અને સરકારી ગાડીમાં ઈમરજન્સી



સમયે વાગે તેવું હુટર લગાવ્યું હતું. પોલીસને શંકા જતા કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કાર ન રોકતા ગુજરાત યુનિવર્સિટી પોલીસે પીછો કરીને વિજય ચાર રસ્તા નજીક તેને અટકાવી પૂછપરછ કરતા નકલી અધિકારીનો ભાંડો ફૂટી ગયો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી સૌરીન પશ્ચિમ બંગાળના કોલકતાનો રહેવાસી છે. સોફ્ટવેર એન્જીનિયર છે. તે પુનામાં આવેલી માઈક્રોસોફ્ટ કંપનીમાં નોકરી કરે છે. સૌરીનને સરકારી અધિકારીઓની જેમ લાલ લાઈટ વાળી ગાડીમાં ફરીને રોફ જમાવવાનો ખૂબ જ શોખ હતો. અગાઉ પણ તે પશ્ચિમ બંગાળમાં આ પ્રકારે લાલ લાઈટવાળી ગાડીમાં નકલી અધિકારી બનીને રોફ જમાવતા ઝડપાયો હતો અને તેની વિરુદ્ધ ગુનો પણ નોંધાયો હતો.

આ કેસમાં સૌરીને પશ્ચિમ બંગાળનું અસલી પાસિંગ બદલીને દિલ્હીનું નકલી પાસિંગ લગાવ્યુ હતું. આ ઉપરાંત સરકારી વાહનમાં લગાવેલી લાઈટ અને હુટર લગાવીને રોફ જમાવી રહ્યો હતો.

# ભાજપમાં ફરી પ્રવેશ બાદ કિશનસિંહ સોલંકીને અપાઈ મોટી જવાબદારી

## ગુજરાત ભાજપ સંગઠનમાં વિદેશ વિભાગના સહ સંયોજકની જવાબદારી આપવામાં આવી

અમદાવાદ

વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા ગુજરાત ભાજપ સંગઠનમાંથી કિશનસિંહ સોલંકીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જો કે થોડા દિવસો પહેલા કિશનસિંહ સોલંકીનો ફરી ભાજપ પ્રવેશ થયો હતો. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે કિશનસિંહ સોલંકીનો ભાજપમાં પ્રવેશ કરાવ્યો હતો. હવે પાટીલે કિશનસિંહને મોટી જવાબદારી આપી છે.

૨૩ એપ્રિલે ગુજરાત ભાજપની એક અખબારયાદી જાહેર થઇ છે, જે મુજબ સી.આર.પાટીલની સૂચનાથી કિશનસિંહ સોલંકીને ગુજરાત ભાજપ સંગઠનમાં વિદેશ વિભાગના સહ સંયોજકની જવાબદારી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં અમદાવાદ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી કિશનસિંહ સોલંકીને પક્ષમાં ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા.

# ૨૬૬ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારો સામે નોંધાયેલા છે જુદા જુદા ગુના

## ૧૫ અપક્ષ ઉમેદવારો એવા છે કે જેઓની સામે પોલીસ ફરિયાદો થયેલી છે

અમદાવાદ

ગુજરાતની ૨૬ બેઠકોના કુલ ૨૬૬ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારો સામે જુદા જુદા ગુના નોંધાયેલા છે અને કોર્ટમાં કેસ પડતર છે. આ વખતની ચૂંટણીમાં ગુજરાતના કુલ ઉમેદવારોમાં ૧૦ ટકાથી વધુ ઉમેદવારો ગુનાઈત ઈતિહાસ ધરાવતા છે જેમાં સૌથી વધુ ૧૫ અપક્ષ ઉમેદવારો છે અને રાજકીય પાર્ટીમાં સૌથી વધુ છ ઉમેદવાર કોંગ્રેસના છે. ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાની વેબએપની વિગતો મુજબ ગુજરાતમાં કુલ ૨૬૬ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે જેમાં અપક્ષ ઉમેદવારો સૌથી વધુ છે. ૧૫ અપક્ષ ઉમેદવારો એવા છે કે જેઓની સામે પોલીસ ફરિયાદો થયેલી છે. ગુનાઈત ઈતિહાસ ધરાવતા કુલ ઉમેદવારોમાંથી ભાજપના ૩ ઉમેદવારો છે અને કોંગ્રેસના છ ઉમેદવારો છે જ્યારે આપ પાર્ટીના એક ઉમેદવાર છે.

# ભાજપના સંકલ્પપત્રની ગુજરાતી આવૃત્તિનું થયુ વિમોચન

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલની હાજરીમાં ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના સંકલ્પ પત્રાની ગુજરાતીની આવૃત્તિનું વિમોચન કરવામાં આવ્યું છે. પ્રચાર-પ્રસાર માટે ગીતો અને વિવિધ કૃતિઓનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રૂપાલે ફરીથી ક્ષત્રિય સમાજને ભારતીય જનતા પક્ષ સાથે જોડાવવા અપીલ કરી છે. ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ-૨ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે જાહેરમંચ પરથી પરસોત્તમ રુપાલા ક્ષત્રિય સમાજને ભાજપને મત આપવા અપીલ કરી રહ્યા છે. આ સાથે પરસોત્તમ રૂપાલાએ સભામાં સંબોધન કરતી વખતે જય ભવાની અને જય શિવાજીના નારા લગાવ્યા હતા. જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે રાજા અને પટરાણીઓ પર આપેલા નિવેદનને લઈને માફી માગી લીધી છે. જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખે માફી માંગતો વીડિયો રિલિઝ કર્યો છે.

# ભુજના કુકમા ગામે સામૂહિક આત્મહત્યાની ઘટના માતાએ બે બાળકો સાથે જીવનલીલા સંકેલી

ભુજ,

કચ્છ જિલ્લામાં સામૂહિક આત્મહત્યાની ઘટના બની છે. આ બનાવમાં માતાએ બે બાળકો સાથે જીવનલીલા સંકેલી છે. ભુજના કુકમા ગામે આ કરૂણાંતિકા સર્જાઈ છે. આત્મહત્યાનું કારણ અકબંધ છે. પધ્ધર પોલીસે તપાસ હાથ ધરી છે. માતાએ દીકરા-દીકરી સહિત આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે.ભુજના ગામમાં બનેલી આ ઘટનાથી આખું ગામ સ્તબ્ધ છે. આખા ગામમાં સોંપો પડી ગયો છે. ફક્ત કુટુંબ જ નહીં આખું ગામ શોકમાં ગરકાવ છે. આત્મહત્યા પાછળના કારણની પોલીસે તપાસ હાથ ધરી છે.

કુકમાની આહિર સમાજવાડી વિસ્તારમાં રહેતા ૨૪ વર્ષીય સંગીતાબેન વિજય દેત્રોજાએ તેમની સાડા ચાર વર્ષની દીકરી સંધ્યા અને દોઢ વર્ષના પુત્ર રાજવીરની હત્યા કરી પોતે આત્મહત્યા કરી હતી. મકાનમાં લટકતી લાશો મળતા કુકમા ગામમાં ચકચાર મચી છે. સમગ્ર કુટુંબમાં ગમગીની છવાઈ ગઈ છે. પધ્ધર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ. એમ. ગોહિલે પ્રાથમિક માહિતી આપતા જણાવ્યું હતું કે મૃતક સંગીતાબેને લોખંડની પાઈપની આડી સાથે આત્મહત્યા કરી છે.

# ગુજરાત કોંગ્રેસની સ્ટાર પ્રચારકોની યાદી જાહેર : રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી પણ સ્ટાર પ્રચારક બન્યા

અમદાવાદ,

ગુજરાતમાં હાલ કોંગ્રેસ ચારો ખાને ચિત્ત થઈ ગયા જેવી સ્થિતિ છે. માંડ માંડ ભેગા કરીને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઉભા કર્યા, ત્યારે ભાજપ ઉમેદવારોને જ નિશાન બનાવી રહ્યું છે. ચૂંટણી પહેલા કોંગ્રેસે સુરત લોકસભા સીટ ગુમાવી છે. છતાં કોંગ્રેસ હારી નથી. કોંગ્રેસે ગુજરાતમાં સ્ટાર પ્રચારકોનું લિસ્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા પેટા ચૂંટણી માટે કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. ત્યારે ગુજરતમાં કોંગ્રેસના કયા કયા નેતાઓ ચૂંટણી પ્રચાર કરશે તે જોઈ લો.

લોકસભાની ચુંટણી અને વિધાનસભાની પેટા ચુટંણી માટે કોગ્રેસના સ્ટાર પ્રચારકનું લિસ્ટ જાહેર કર્યુ છે. કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદીને ચુટંણી પંચની મહોર લાગી છે. ગુજરાતના સ્ટાર પ્રચારોમાં નેશનલ કોંગ્રેસના નેતાઓ સામેલ છે.

# તાપમાન વધતા વીજ માંગ પણ ઉચકાઈ ૨૪૦૦૦ મેગાવોટની નજીક પહોંચી

અમદાવાદ

ગુજરાતમાં જેમ જેમ તાપમાન સતત વધી રહ્યું છે તેમ ગુજરાતની પીક વીજળીની માંગ ૨૪,૦૦૦સ્ઉની નજીક પહોંચી ગઈ છે અને નિષ્ણાતો કહે છે કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૨૪,૫૪૦ એમડબ્લ્યુ પીક ડિમાન્ડના રેકોર્ડને વટાવીને આ વર્ષે સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચશે .

એપ્રિલ ૨૦૧૯માં રાજ્યની પીક પાવર ડિમાન્ડ ૧૭,૮૬૫



મેગાવોટ હતી. પાંચ વર્ષમાં પીક ડિમાન્ડ લગભગ ૬,૦૦૦ મેગાવોટ વધી છે. બીજી તરફ, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ માત્ર ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પેનલ્સમાંથી ઉત્પાદિત ૪૩ મિલિયન વીજળી યુનિટ સાથે રાજ્યનું સૌર ઊર્જા ઉત્પાદન પણ નવી ઊંચાઈએ પહોંચ્યું છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અનુસાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ગુજરાતની પીક પાવર ડિમાન્ડ ૨૩,૯૧૬સ્ઉ હતી. તે જ દિવસે, રાજ્યનો વીજળીનો વપરાશ આ ઉનાળામાં ૪૯૧ મિલિયન યુનિટના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. સપ્ટેમ્બરમાં રાજ્યમાં પાવર ડિમાન્ડ ૨૪,૫૪૦ એમડબ્લ્યુ પર પહોંચી હતી અને આ ઉનાળામાં ચોક્કસપણે વધુ માંગ જોવા મળશે.

# ધો.૧૦-૧૨ની પરીક્ષાના કોપી કેસનો નિર્ણય આચારસંહિતાને કારણે અટવાયો

અમદાવાદ,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને પગલે બોર્ડની પરીક્ષામાં કોપી કેસ અંગેની કાર્યવાહી અટકી ગઈ છે. ધો.૧૦-૧૨ ની પરીક્ષામાં કોપી કેસની સુનાવણી સંબંધે પરીક્ષા સમિતીએ બેઠક માટે ચૂંટણી પંચની મંજુરી માંગી હતી. જોકે પંચે પરવાનગી આપી ન હતી. જેને પગલે બોર્ડની પરીક્ષામાં કોપી કેસમાં ઝડપાયેલા વિગદ્યાર્થીઓની સજા નક્કી કરવાનો નિર્ણય વિલંબમાં મુકાયો છે.

ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષામાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓસામે કાર્યવાહી કરવામાંઆવી હતી. જેમાં બોર્ડ દ્વારા ગેરરીતિ કરનારા વિદ્યાર્થીઓ સામે પગલા લેવાયા હતા. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રો પર સીસીટી કેમેરા લગાવાયા હતા. ગુજરાત ઉચ્ચતર અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા પૂરી થયા બાદ આ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. બાદમાં શંકાસ્પદ કોપી કેસની માહિતી બોર્ડને મોકલવામાં આવી હતી. પરીક્ષામાં ગેરરીતિના કેસમાં જો વ્યક્તિ દોષી સાબિત થાય તો તેને ૩ વર્ષ કરતા ઓછી ન હોય અને ૫ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા અથવા ૨,૦૦,૦૦૦ રૂપિયા સુધીના દંડ અથવા બન્ને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

# રાજ્યમાં પાંચ કરોડ લોકો મતાધિકારનો કરશે ઉપયોગ

## ૧૨ લાખ પ્રથમ વખત કરશે મતદાન : ૨૨,૭૦૧ લોકોએ હોમ વોટીંગની કરી અરજી

અમદાવાદ,

લોકસભાની સામાન્ય તેમજ વિધાનસભાની પેટાચૂંટણી માટે ૭મીમે એ મતદાન થવાનું છે. રાજ્યના અંદાજીત પાંચ કરોડ મતદાતા તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. રાજ્યમાં છેલ્લા આંકડા પ્રમાણે ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો નોંધાયા છે. આ યાદીમાં ૧૮થી ૧૯ વર્ષના મતદારોની સંખ્યા ૧,૨૨,૦૪૩૮ થવા જાય છે. જેમને પ્રથમવખતમતદાનકરવાનીતકમળશે.

રાજ્યના મુખ્ય નિર્વાચિન અધિકારીની કચેરી દ્વારા પાંચમી જાન્યુઆરીએ જાહેર કરવામાં આવેલી મતદાર યાદી પ્રમાણે ગુજરાતમાં ૪.૯૪ કરોડ મતદારો હતા. પરંતુ ૯ એપ્રીલે મળેલી નવી અરજીઓ પૈકી



૩,૧૯,૨૦૯ મતદારોનો પુરવણી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરુષ, ૨,૪૧,૫૦,૬૦૩ મહિલા અને ત્રીજી જાતિના ૧,૫૩૪ મતદારોનો સમાવેશ થાય છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું કે ૧૫મી માર્ચ ૨૦૨૪ સુધીમાં અરજી કરનારા તમામ નાગરિકોને એપિક કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૯૦૦ મતદારો નોંધાયા છે. ૭મીમેના રોજ યોજાનારી ચૂંટણી માટે ૨૭મી એપ્રિલ સુધીમાં ઈવીએમના બીજા રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કુલ ૨૫ સંસદીય મતવિસ્તારોમાં ૪૯૧૪૦ મતદાન મથકોમાં મતદાન થશે, જે પૈકી અમદાવાદ પૂર્વ સંસદીય મતવિભાગના ૧,૮૨૦ મતદાન મથકોમાં ૨ મ્નો વપરાશ થશે. એ ઉપરાંત પાંચ વિધાનસભા મતવિભાગોની પેટા ચૂંટણીઓમાં ૧,૨૮૨ મતદાન મતથકોમાં મતદાન થશે. રાજ્યમાં ૮૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવકા ૧૮,૪૯૦ વરિષ્ઠ મતદારો તેમજ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૪,૨૧૧ દિવ્યાંગ મતદારો મળી કુલ ૨૨,૭૦૧ મતદારોએ હોમ વોટીંગ માટે અરજી કરી છે.

### Know Your Polling Station અભિયાન

મતદાન મથકનું સ્થળ ખબર ન હોવાના કારણે, મતદાન માટેના આવશ્યક દસ્તાવેજો વિષે જાણ ન હોવાના કારણે અથવા તો એક કરતા વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન લોકેશન પર ક્યાં મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે તે અંગે મતદારો મુંઝવણ અનુભવતા હોય છે. આથી તા.૨૮ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સમગ્ર રાજ્યમાં Know Your Polling Station અભિયાનનું આયોજન કરવામાં આવશે. જેમાં બૂથ લેવલ ઓફિસર સવારે ૯ થી ૧૨:૩૦ સુધી મતદાર યાદી સાથે મતદાન મથક પર હાજર રહેશે અને મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થા વિષે માહિતગાર કરશે. આ અભિયાનની સાથોસાથ ચુનાવ પાઠશાલાનું પણ આયોજન કરવામાં આવશે; જેમાં તમામ ગ્રાસ રૂટ લેવલના કર્મચારીઓ ઘરે ઘરે જઈને લોકોને સહપરિવાર મતદાન માટે આમંત્રણ આપશે.

### ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ

ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોડ્ર્સ તથા ૧,૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭.૮૯ કરોડ રોકડ, રૂ. ૧૪.૬૯ કરોડની કિંમતનો ૫.૦૪ લાખ લીટર જેટલો દારૂ, રૂ. ૩૬.૬૩ કરોડની કિંમતનું ૬૯.૮૦ કિલો સોનું અને ચાંદી, રૂ. ૩.૫૭ કરોડની કિંમતના ૭૭૭.૪૧ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ. ૫૮.૮૫ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ. ૧૨૧.૬૫ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

### ફરિયાદ નિવારણ

c-VIGIL (સી-વીજીલ) મોબાઈલ એપ પર તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ ૨,૮૩૮ ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

# SMS થી મેળવી શકાય છે બુથ સ્લીપ, કેવી રીતે કરીએ ૧૯૫૦ પર SMS

## તા.૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ મતદાન, લોકશાહીના પર્વમાં વધુમાં વધુ મતદાન કરીએ

(અતુલ કારિયા) અમરેલીઃ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ મતદાન થશે. નાગરિકો પોતાની બુથ સ્લીપ કેવી રીતે મેળવી શકે તેની વિગતો જોઈએ તો, બુથ સ્લીપ માટે ૧૯૫૦ ૧૯૫૦ પર SMS (એસએમએસ) કરવાનો રહે છે. ૧૯૫૦ પર ECI <Space> (Voter ID) SMS કરવાથી ૧૫ સેકન્ડ જેટલા સમયગાળામાં મોબાઈલ પર બુથ સ્લીપ મેળવી શકાય છે. SMS દ્વારા બુથ સ્લીપ મેળવવાની આ વિગતોથી વાકેફ થઈએ અને અન્યને પણ આ જાણકારી આપી વાકેફ કરીએ, આ વિગતોને હાથવગી રાખીએ. ૧૯૫૦ પર SMS કરવાથી ભારતીય ચૂંટણી પંચ ECI દ્વારા પ્રત્યુત્તર મળે છે, તેમાં લખ્યું હોય છે કે, ECIનો સંપર્ક કરવા બદલ આભાર. વિનંતી કરવામાં આવેલી વિગતો ટૂંક સમયમાં મોકલવામાં આવશે. ECI. આ મેસેજમાં નામ, ભાગ નંબર, ક્રમ નંબર ECI સહિતની વિગતો ઉપલબ્ધ થશે. લોકશાહીના પર્વમાં વધુમાં વધુ મતદાન કરીએ.

# વિદ્યાર્થીઓ પોતાનું વર્ષ બરબાદ થતા બચાવી શકે છે જાણકારી માટે NIOS વેબસાઈટની મુલાકાત લેવી

અમરેલીઃ રીજ્યોનલ સેન્ટર ગાંધીનગર, જો તમે બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા છો, તો તમારી પાસે બીજી તક છે, જે વર્ષને બરબાદ થવાથી બચાવી શકે છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS)માં સ્ટ્રીમ-૨માં પ્રવેશની પ્રક્રિયા ૧ મેથી શરૂ થઈ રહી છે. આ અંતર્ગત અરજી કરનારા વિદ્યાર્થીઓની ઓક્ટોબર અને નવેમ્બરમાં પરીક્ષા લેવામાં આવશે. તેનું પરિણામ ડિસેમ્બરમાં જાહેર થશે.

આ સાથે એન.આઈ.ઓ.એસ, નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઓન ડિમાન્ડ પરીક્ષાનો વિકલ્પ પણ આપે છે. જે અંતર્ગત નાપાસ થયેલા વિદ્યાર્થીના વાલી મંડળ માટે સ્ટ્રીમ-૨માં NIOS પ્રવેશ પ્રક્રિયા ૧લી મેથી શરૂ થશે.

તમે જે બે વિષયોમાં પાસ થયા છો તેના માર્ક્સ NIOS દ્વારા એ જ રીતે ઉમેરવામાં આવશે. વિદ્યાર્થીએ માત્ર ત્રણ વિષયોની પરીક્ષામાં બેસવાનું રહેશે. જો તમે ઓન-ડિમાન્ડ પરીક્ષા માટે અરજી કરો છો, તો પરીક્ષા એકથી દોઢ મહિનામાં લેવામાં આવશે. વિદ્યાર્થીઓ NIOS વેબસાઈટની મુલાકાત લઈને અરજી કરી શકે છે. દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ આ બંને વિકલ્પો માટે અરજી કરે છે.

# અમરેલી ખાતે બ્રહ્મ સમાજની બેઠક મળી, પરશુરામના અવતરણ દિવસની ઉજવણી કરવા આયોજન

અમરેલીઃઆગામી તારીખ ૧૦-૫-૨૪ શુક્રવારના રોજ હિન્દુ સનાતન ધર્મ પરંપરામાં છઠા અવતાર એવા ભગવાન પરશુરામજીના અવતરણના દિવસ છે.તેથી આ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવા અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજની બેઠક જિલ્લા પ્રમુખ શ્રી મુકુંદભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને ગત તા ૨૦-૪-૨૦૨૪ ના શનિવારે રાત્રે ૯ કલાકે શ્રી પરશુરામ ધામ મંદિર અમરેલી ખાતે મળેલ હતી આ બેઠકમાં જિલ્લા/શહેર સમસ્ત બ્રહ્મ સમાજના વરિષ્ઠ પાંખ, યુવા પાંખ અને મહિલા પાંખના પદાધિકારીઓ, બ્રહ્મ અગ્રણીઓ, કાર્યકર ભાઈ-બહેનો અને સ્વયંસેવકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં એક અવાજે અવતરણ દિવસ ઉત્સવ ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવા શહેરમાં શુંશોભિત કરવા, બેનરો લગાવવા, શોભાયાત્રા ભવ્ય રીતે કાઢવા તથા સમગ્ર હિન્દુ સમાજના દરેક સંગઠનો, તમામ સમાજને આ ઉત્સવમાં જોડાવવા નિમંત્રણ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને સમસ્ત બ્રહ્મસમાજની યુવા પાંખ, મહિલા પાંખ, શહેરના પદાધિકારીઓને તથા સ્વયંસેવકોને, કાર્યકરોને આ માટે વિશેષ જવાબદારીઓ સોપાવામાં આવી હતી તારીખ ૧૦-૫-૨૦૨૪ ને શુક્રવારે બપોરે ૪-૩૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરેથી ઉત્સવની શોભાયાત્રા પ્રસ્થાન કરી. શ્રી મહાત્મા મૂળદાસ ચોક, ડો.જીવરાજ મહેતા ચોક, સ્ટેશન ચોક, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, એસ ટી બસ સ્ટેશન થઈ પરશુરામ ધામ મંદિર ખાતે વિરામ લેશે તથા ભગવાન શ્રી પરશુરામજીની મહાઆરતી તથા છપ્પનભોગ દર્શન સાંજે ૭-૩૦ કલાકે થશે અને ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવશે આ બેઠકમાં અમરેલી શહેરમાં વસતા ભૂદેવ પરિવારોને હાકલ કરવામાં આવેલ છે કે આપણા ઈષ્ટ અને આરાધ્ય ભગવાન શ્રી પરશુરામજીના ઉત્સવની ઉજવણીમા દરેક પરિવાર અબાલ વૃદ્ધ સૌ ઉત્સાહ પૂર્વક સામેલ થાય અને સનાતન હિન્દુ ધર્મના દરેક ધર્મનુરાગી શ્રીઓ સર્વે આ ઉત્સવમાં જોડાય તેવી આગ્રહ ભરી અપીલ કરવામાં આવી છે તેમ જિલ્લા બ્રહ્મ સમાજના મહામંત્રી ભગીરથ ત્રિવેદીની યાદી જણાવે છે .

# છતડીયા, ડાંગાવદર, ચાંચઈ, કોઠા પીપરીયામાં ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો

## નાગરિકોએ અચૂક મતદાનના શપથ લીધા,તરવડા ખાતે વોટ ફોર ઈન્ડિયા માનવસાંકળ રચવામાં આવી

અમરેલીઃ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે. જિલ્લાના વિવિધ ગામ અને વિસ્તારોમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો શરુ છે. અમરેલી જિલ્લાના ધારી તાલુકાના છતડીયા, ડાંગાવદર, ચાંચઈ, કોઠા પીપરીયા સહિતના ગામ અને જિલ્લાના શહેરી વિસ્તારોમાં "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો હતો.

મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને અન્ય નાગરિકોને પણ મતદાન માટે પ્રેરિત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. નાગરિકોએ મતદાના શપથ લીધા હતા. કાર્યક્રમમાં મતદાન જાગૃતિ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તરવડા સ્થિત શૈક્ષણિક ગુરુકુલ સંસ્થા ખાતે વોટ ફોર ઈન્ડિયા માનવસાંકળ રચવામાં આવી હતી.

# લોહાણા મહાજન દ્વારા નિઃશુલ્ક શૈક્ષણિક માર્ગદર્શન સેમીનાર યોજાયો

સાવરકુંડલાઃ



યોગ્ય દિશામાં તકાયેલું તીર જ મત્સ્યવેધ કરી શકે છે એ સૂત્રને ચરિતાર્થ કરતો સાવરકુંડલા નાવલી નદી કાંઠે સ્થિત લોહાણા મહાજન વાડી ખાતે લોહાણા મહાજન ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા સર્વ જ્ઞાતિ માટે નિઃશુલ્ક શૈક્ષણિક માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો.. આજના યુગમાં જ્ઞાન એ જ શક્તિ અને આજીવિકા માટે એક અમોઘ શસ્ત્ર સમું કાર્ય કરે છે. સાંપ્રત બદલતી વૈશ્વિક પરિમાણોમાં શિક્ષણનું મહત્વ દિનપ્રતિદિન વધી રહ્યું છે. દેખો દેશ બદલ રહા હૈ. ઔર હમારી સોચ કો બદલના ભી બહુત જરૂરી હૈં. આ સંદર્ભે બાળકોમાં અભ્યાસ અંગેની યોગ્ય રૂચિ કઈ રીતે વધુ પ્રદિપ્ત થાય તેમજ આજના ડિઝીટલ યુગમાં મોબાઈલ, લેપટોપ, ટી.વી. તેમજ દિનપ્રતિદિન અપડેટ થતી વિવિધ ટેકનોલોજી બાળકો માટે વરદાન છે કે અભિશાપ સમાન? એ સંદર્ભે સચોટ માર્ગદર્શન અને સમજણ આ સેમિનારમાં પીરસવામાં આવી હતી બાળકોની મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી કેવી રીતે સંભાળ લેવી.? વૈદિક મેથ્સ, યાદશક્તિ કઈ રીતે વધારવી.? તેવા અનેક સાંપ્રત વિષયો પર આ વિસ્તારમાં રાજકોટના તજજ્ઞો દ્વારા બધા વાલીઓ તેમજ બાળકોને નવી બદલાતી શૈક્ષણિક પધ્ધતિને સમજવા તેમજ સવિસ્તર માર્ગદર્શન મેળવવા આપવામાં આવ્યુ હતું. ધોરણ ૧૦ અને ૧૨ પછીના કારકિર્દીના દરેક વિકલ્પો વિશેની સચોટ માહિતી તેમજ માર્ગદર્શન વિદ્યાર્થીઓ અને વાલીઓને આપવામાં આવ્યું હતું આ તકે સાવરકુંડલા શહેર અને તાલુકાના વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. એકંદરે નોલેજ ઈઝ પાવર એ સૂત્રને સાર્થક કરવાનો ભરપૂર પ્રયાસ આ સેમિનારમાં કરવામાં આવેલ. સમાજમાં પણ આવા સેમિનારો અવારનવાર યોજાય અને આપણાં સંતાનોને યોગ્ય રાહ અને માર્ગદર્શન મળે એવા પ્રયાસોને ખરેખર બિરદાવવા જરૂરી છે. આ સંદર્ભ સાવરકુંડલા લોહાણા મહાજનને પણ તેમના દ્વારા આવું સુંદર અને સાંપ્રત સમયમાં અતિ આવશ્યક એવું આયોજન કરવા બદલ સાવરકુંડલા તેમજ તાલુકાભરમાંથી પ્રશંસાના ધોધ વહ્યા છે. આમ પણ કહેવાય છે ને કે અજ્ઞાની અને અંધ બંને વચ્ચે કોઈ ખાસ અંતર નથી હોતું.. અરે દિવ્યાંગ તો તેના પ્રજ્ઞા ચક્ષુ દ્વારા ઘણું પ્રાપ્ત કરી શકે છે પરંતુ અજ્ઞાની તો મૂઢ મતિ સમ ઠેર ઠેર ભટકતો જોવા મળે છે. સમાજમાં પણ જ્ઞાનીનું એક અલગ જ સન્માનજનક સ્થાન હોય છે. એટલે યોગ્ય દિશામાંથી પ્રાપ્ત કરેલુ જ્ઞાન એ સંસારને સુમધુર બનાવે છે. એ વાત પણ માનવી જ રહી.

# ઉમેદવારો દ્વારા એપ્રિલની તા.૨૪ અને ૩૦ તેમજ મે માસની તા.૪થી એ ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરવામાં આવશે

અમરેલીઃ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૧૪- અમરેલી લોકસભા મતદાર વિભાગના ઉમેદવારને તેમના લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૭૭ મુજબ ચૂંટણી લડતા દરેક ઉમેદવારને તેનું નામાંકન થયા તારીખથી તેનું પરિણામ જાહેર થાય તે તારીખ, બંન્નેતારીખો સહિત વચ્ચે ઉમેદવાર અથવા ઉમેદવારના ચૂંટણી એજન્ટ દ્વારા ચૂંટણીના સંદર્ભમાં કરેલા ચૂંટણી ખર્ચ નિરિક્ષકશ્રીના પરામર્શ મુજબની તપાસણી માટે સમય નિયત કરવામાં આવ્યો છે. આ કામગીરી માટે નિયત કરવામાં આવેલ તારીખ અને સમયે સ્થળ પર ઉપસ્થિત રહેવું. નિયત સમય પત્રક મુજબ ઉમેદવારે રુબરુ અથવા પોતાના ચૂંટણી એજન્ટ અથવા ઉમેદવાર દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય તેવા કોઈ વ્યક્તિ મારફત ઉમેદવારના ચૂંટણી ખર્ચ રજિસ્ટર, ચૂંટણી ખર્ચના ક્રમસર ગોઠવવામાં આવેલા વાઉચર સહિતના દસ્તાવેજો અને વિગતો સાથે ઉપસ્થિત રહેવું.

ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષકશ્રી કે અધિકૃત અધિકારીશ્રીને ચૂંટણીખર્ચને લગતી આ બાબતો રજૂ કરવાની રહે છે. આથી ઉમેદવારશ્રીઓને ચૂંટણી ખર્ચના રોજેરોજના હિસાબોની તપાસણી માટે ચૂંટણી ખર્ચ રજિસ્ટર, ક્રમસર ગોઠવેલા વાઉચર સહિતના દસ્તાવેજો અને વિગતો સાથે તા.૨૪ એપ્રિલ, ૨૦૨૪ તા.૩૦ એપ્રિલ, ૨૦૨૪ અને તા.૪ મે, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ વાગ્યે અમરેલી જિલ્લા પંચાયત કચેરીના વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે ઉપસ્થિત રહેવું, તેમ ૧૪-અમરેલી લોકસભા મતદાર વિભાગ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેકટરશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# શ્રી કરજાળા પ્રાથમિક શાળા સી.સી.ટી.વી.થી સુસજ્જ થશે

સાવરકુંડલાઃ

સાવરકુંડલા તાલુકાની સરકારી પ્રાથમિક શાળા શ્રી કરજાળા પ્રાથમિક શાળામાં શ્રી કનુભાઈ કુકાભાઈ વાડદોરિયા તથા સ્વ.લાભુભાઈ કુકાભાઈ વાડદોરીયાના પરિવાર દ્વારા પ્રાથમિક શાળાની સુરક્ષા હેતુ સહ આઠ જેટલા એચડી કિંમતી સીસીટીવી કેમેરા અને તેના સંપૂર્ણ સેટનું ફીટીંગ કરાવી આપવામાં આવેલ છે. વાડદોરિયા પરિવાર દ્વારા સત્સંગ કાર્યક્રમ તેમજ રામનવમી ઉજવણી ઉત્સવ અને શેલકાંઠા હનુમાનજી મહારાજની જન્મ જયંતી ઉત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમના આયોજનના પ્રસંગે આ પરિવારના શ્રી મુકેશભાઈ, મગનભાઈ, મહેશભાઈ , માણેકભાઈ , અતુલભાઈ અને નીતિનભાઈએ પ્રાથમિક શાળાના કેમ્પસની મુલાકાત લઈને સીસીટીવી કેમેરા ફીટ કરાવી આપેલ છે. જે બદલ શાળા પરિવાર વાદડોરિયા પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.એમ શાળાના આચાર્ય મુકેશભાઈ કથીરીયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ૨૪ એપ્રિલ, "મહિલા અધિકાર દિવસ"



૨૪ એપ્રિલ, ૧૯૯૩નાં રોજ ભારતનાં રાષ્ટ્રપતિ દ્વારા ૭૩માં બંધારણ સુધારાને મંજૂરી આપવામાં આવી હતી. આ સુધારા દ્વારા ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં મહિલાઓ માટે ૧/૩ અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી હતી તેથી આ દિવસને દર વર્ષે "મહિલા અધિકાર દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ સુધારાનો મુખ્ય હેતુ સ્થાનિક સ્વરાજમાં મહિલાઓના પ્રતિનિધિત્વ અને ભાગીદારીને સુનિશ્ચિત કરવાનો તેમજ સમાજમાં મહિલાઓનાં યોગદાનને માન્યતા આપવી અને તેમને સમાનતા અને ન્યાય મેળવવા માટે સશક્ત બનાવવાનો છે.

મહિલાઓને સશક્ત બનાવવા અને તેમને રાજકીય પ્રક્રિયામાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ પ્રકારનો સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારાના પરિણામે પંચાયતોમાં મહિલાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. "મહિલા અધિકાર દિવસ" ભારતમાં મહિલા સશક્તિકરણના મહત્વને યાદ અપાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓના જીવનમાં સુધારો લાવવામાં આ પ્રકારનાં સુધારા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. મહિલા સશક્તિકરણ પહેલ દ્વારા ગ્રામીણ મહિલાઓને આર્થિક તકો, કુશળતા વિકાસ અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદારી મેળવવા માટે સશક્ત બનાવવામાં આવે છે. આનાથી ગ્રામીણ પરિવારો અને સમુદાયોના કુલ આર્થિક અને સામાજિક વિકાસમાં સુધારો થાય છે.

સ્ત્રી એ પરિવારનો પાયો છે. તે માતા, પત્ની, બહેન, દીકરી તરીકે મહિલાઓ પ્રેમ, લાગણી અને સંસ્કારો દ્વારા પરિવારને એકસૂત્રમાં બાંધી રાખે છે. તે પરંપરાઓ, રીત-રિવાજો, કળા અને શિક્ષણનું જતન કરીને સમાજની સંસ્કૃતિને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મહિલાઓને શિક્ષિત અને સશક્ત બનાવવું એ સમાજનાં સર્વગ્રાહી વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. સર્વગ્રાહી વિકાસની પ્રક્રિયામાં મહિલાઓને શિક્ષિત કરી સમાજમાં જાગૃતિ લાવવી, મહિલાઓને કાયદાઓનું જ્ઞાન આપવું અને કાયદા પાલન સમજાવવું, સ્ત્રી અને પુરુષ બંને માટે સમાજમાં સમાન તકો ઉભી કરવી અને આ થકી સમાજમાં પરિવર્તન લાવવું વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

# બ્રહ્મલીન મહંત મુનિ મહારાજના સંકલ્પથી ૮૨મી કથા યોજાઈ

નવિન જોષી ઊનાઃ



સમાચાર ઊનાઃ ગીર ગઢડા તાલુકાના ફાટસર ગામની સીમમાં પવિત્ર મછુંન્દ્રી નદી ના કાઠે આવેલ પ્રાચીન કેદારેશ્વર મહાદેવ નું મંદિર આવેલ છે મંદિર ના બ્રહ્મ લીન મહંત મુનિ મહારાજ ના સંકલ્પ થી ૮૨મી કથા યોજાઈ રહી છે. આ કથા મા ઊના ના નિવૃત્ત કેળવણી નિરીક્ષક અને લેખક અને ઈતિહાસ વીદ દેવશંકરભાઈ એન. પુરોહિત એ ગીર ની આસ્થા, સ્વયં સંચાલિત શ્રધ્ધા થી સમૃદ્ધિ સંકલ્પ સિધ્ધ ભૂમિ કેદારેશ્વર નામનું ૪૦પાના નું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે જેમાં કેદારેશ્વર નું નામાધીધાન , આશ્રમ, ગૌશાળા, મંદિર નો ઈતિહાસ, સપ્તાહ ના સંકલ્પ લેનાર મહંત શ્રી મુનિ મહારાજ નું જીવન કવન,મછુંન્દ્રી નદી ની જગ્યા ની માહિતી પ્રસંગો અને વિસ્તૃત માહિતી કલર ફોટા ઓ સાથે પુસ્તક નું નિર્માણ કાર્ય પુરોહિત ભાઈ એ પૂર્ણ થતાં કથા ના દિવસે આશ્રમ ના સંચાલક ધીરુભાઈ ખોખર, કથા ના વકતા સંતરામ બાપુ વાજડી વાળા, બાપા સીતારામ બગદાણા ના મુખ્ય ટ્રસ્ટી કાન્તિ ભાઈ પુરોહિત, ડોકટર અભાણી ,ડો. નિમાવત, લેખક જેશિંગ ભાઈ સોલંકી, રામ ભાઈ વાળા, નરેન્દ્ર ભાઈ ગોસ્વામી, ઊના ગીર ગઢડા તાલુકાના સેલ્ફ ફાઈનાન્સ સ્કુલ એસોસિયેશન ના સભ્યો, નિવૃત્ત કર્મચારી મંડળ ના પ્રમુખ ભરત ભાઈ ઉપાધિયાય, બગદાણા ના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ના વિજેતા ભમ્મર સાહેબ, પે સેન્ટર ના સ્ટાફ અને કર્મચારીઓ સાહિત્ય પ્રેમીઓ ની હાજરી માં પુસ્તક નું વિમોચન કરવામાં આવ્યું હતું અને જણાવેલ કે આ પુસ્તક આવતી પેઢી સચવાશે તો ઈતિહાસ સચવાશે તેમજ આ કાર્ય ક્રમ મા આવનારી લોક સભાની ચૂંટણી મા તમામ લોકો એ મતદાન કરવા જિલ્લા કલેકટર નો સંદેશ વાચન કરી મતદાન અવશ્ય કરવા સંકલ્પ લીધો હતો કાર્ય ક્રમ નું સંચાલન ડીવાઈન સ્કુલ ઊના ના પરમારે કરેલ હતું .

# ૧૨ વર્ષની બાળકીની જાતીય સતામણી કરનાર રીક્ષાચાલકની ધરપકડ

રાજકોટઃસામાકાંઠે આવેલ વિસ્તારમાં ૧૨ વર્ષની બાળકીની જાતીય સતામણી કરનાર રીક્ષાચાલક કરણ બાવાજીની બિ.ડીવીઝન પોલીસે ધરપકડ કરી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.બનાવ અંગે સામાકાંઠે એક વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય મહીલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કરણ સુરેશદાસ રામાવત (રહે.મંછાનગર ખોડીયાર ગૌશાળામાં જૂના માર્કેટ યાર્ડની પાછળ)નું નામ આપતાં બિ.ડીવીઝન પોલીસે આઈપીસી ૩૫૪ (ડી),૫૦૪ અને પોકસોની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેમની ૧૨ વર્ષની પુત્રી સ્કૂલે અથવા શેરીમાં જતી હોય ત્યારે આરોપી છેલ્લા એક મહીનાથી તેમની પાછળ જઈ જાતીય સતામણી કરી બાળકીને આંખથી બિભત્સ ઈશારા કરી હાથ પકડી છેડતી કરતો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# ૨૪ એપ્રિલ -પંચાયતી રાજ દિવસ

૧૯૯૨માં જે દિવસે ૭૩મો બંધારણીય સુધારો પસાર કરવામાં આવ્યો હતો તે દિવસની યાદમાં વાર્ષિક ઉજવણી કરવામાં આવે છે. આ કાયદો ૨૪એપ્રિલ, ૧૯૯૩ના રોજ અમલમાં આવ્યો હતો. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે વર્ષ ૨૪એપ્રિલના રોજ પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ જાહેર કર્યો હતો. ૨૦૧૦૨૪ એપ્રિલ ૧૯૯૩ના રોજ, પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવા માટે ભારતમાં ૧૯૯૨નો બંધારણીય (૭૩મો સુધારો) અધિનિયમ અમલમાં આવ્યો.૧૯૫૭ માં, બળવંત રાય મહેતા સમિતિએ ગ્રામ્ય સ્તરે ત્રણ સ્તરની પંચાયતો ગ્રામ પંચાયત, બ્લોક સ્તરે પંચાયત સમિતિ અને ત્યારબાદ જિલ્લા પરિષદની ભલામણ કરી. સમિતિએ આ સંદર્ભે અનેક સૂચનો પણ કર્યા હતાપંચાયતી રાજની રચનામાં ગ્રામ પંચાયત એ સૌથી નીચું એકમ છે.તે પંચાયત સિસ્ટમ ગ્રામ્ય સ્તર (ગ્રામ પંચાયત), ગામડાઓના ક્લસ્ટરો (બ્લોક પંચાયત) અને જિલ્લા સ્તર (જિલ્લા પંચાયત)ને આવરી લે છે. પંચાયતી રાજ ગ્રામ્ય સ્તરે સરકારનું એક સ્વરૂપ છે જ્યાં દરેક ગામ તેની પોતાની પ્રવૃત્તિઓ માટે જવાબદાર છે.સમિતિની સ્થાપના થઈ ત્યારે બળવંત રાય મહેતા સંસદસભ્ય હતા. તેમને ભારતમાં પંચાયતી રાજની વિભાવનાની પહેલ કરવા અને ભારતમાં પંચાયતી રાજના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.બંધારણની કલમ ૪૦ જે રાજ્યની નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાંના એકને સમાવિષ્ટ કરે છે તે દર્શાવે છે કે રાજ્ય ગ્રામ પંચાયતોનું આયોજન કરવા માટે પગલાં લેશે અને તેમને સ્વ-સરકારના એકમો તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવવા માટે જરૂરી હોય તેવી સત્તાઓ અને સત્તાઓ પ્રદાન કરશે. પંચાયતી રાજ પ્રણાલીનું ધ્યેય સામાજિક ન્યાય સાથે સર્વસમાવેશક વિકાસ અને સેવાઓની કાર્યક્ષમ ડિલિવરી સુનિશ્ચિત કરવા જવાબદાર પંચાયતી રાજ સંસ્થાઓને સશક્તિકરણ, સક્ષમ અને સ્થાપિત કરવાનું છે.પંચાયતી રાજ મંત્રાલય દર વર્ષે ૨૪મી એપ્રિલને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (NPRD) તરીકે ઉજવે છે. આ પ્રસંગ સમગ્ર દેશના પંચાયત પ્રતિનિધિઓ સાથે સીધો સંવાદ કરવાની તક પૂરી પાડે છે તેમજ તેમને વધુ સશક્ત બનાવવા અને પ્રોત્સાહિત કરવા તેમની સિદ્ધિઓને ઓળખવાની તક પૂરી પાડે છે.ભારતનું બંધારણ પંચાયતોને 'સ્વ-સરકારની સંસ્થાઓ' તરીકે માન્યતા આપે છે. ભારતમાં ત્રણેય સ્તરોમાં ૨.૬ લાખથી વધુ પંચાયતો છે. આ પંચાયતો ગ્રામ, બ્લોક અને જિલ્લા સ્તરે ગ્રાસ-રુટ વહીવટી એકમોના સામાજિક-આર્થિક વિકાસ તરફ કામ કરે છેદેશમાં પંચાયતી રાજના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૧૯૫૭માં એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ બળવંતરાય મહેતા હતા. સમિતિએ તેના અહેવાલમાં વિકેન્દ્રિત ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાની ભલામણ કરી છે - ગ્રામ્ય સ્તરે ગ્રામ પંચાયત, બ્લોક સ્તરે પંચાયત સમિતિ અને જિલ્લા સ્તરે જિલ્લા પરિષદ.પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) ગુજરાતમાં એપ્રિલ ૧૯૬૩ થી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ અસ્તિત્વમાં આવી હતી. ૭૩મો બંધારણીય સુધારો અધિનિયમ, ૧૯૯૨ ની જોગવાઈઓને સમાવિષ્ટ કરવા માટે એપ્રિલ ૧૯૯૩ માં તેમાં સુધારો કરવામાં આવ્યો હતો.

- ડો.જી.આર.ગોહિલ

# ઉનાળુ પાક પકવતા ખેડૂતોએ હિટવેવ અંગેની માર્ગદર્શિકા અનુસરવી

અમરેલીઃરાજયના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, મગ, ડાંગર, શાકભાજી, બાજરી સહિત ઉનાળુ પાક પકવતા ખેડૂતોએ હિટવેવ દરમિયાન કાળજી લેવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસરવા અને હિટવેવ સામે સાવચેતી રાખવા પગલાંઓ ભરવા અપીલ છે.

ખેડૂતોએ પોતાના ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ અવારનવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમાં વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું. જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં પાકનાં અવશેષો, પોલિથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. પિયત માટે ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમિયાન ખેતીની પ્રવૃત્તિઓ ટાળવી. શાકભાજી અને બાગાયતી પાકોને શણના કંતાનથી અથવા જુવાર-બાજરી જેવા પાકોની કડબની આડશ કરવી. વાવણી કરી હોય તેવા પાકોમાં આંતરખેડ તથા નિંદામણ કરવું. આગામી દિવસોમાં દિવસના તાપમાનમાં સામાન્ય વધારો થવાની સંભાવના હોઈ તથા જમીનના પ્રત ધ્યાનમાં લઈ જરુરિયાત મુજબ પિયત આપવું.

રોગ-જીવાતનો ઉપદ્રવ જણાય તો ખુલ્લા હવામાન દરમિયાન પાક સંરક્ષણના ભલામણ મુજબ પગલા ભરવા. તાપમાનમાં વધારો થવાથી ભીંડામાં પાન કથિરીના નિયંત્રણ માટે ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિ.લી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી. ૮ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને પાક પર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.

તાપમાનમાં વધારો થવાથી રીંગણમાં પાન કથિરીના નિયંત્રણ માટે પ્રોપાર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિ.લી અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિ.લી અથવા ઈટોક્ષા સોઝેલ ૧૦ એસ સી ૮ મિ.લી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી. ૮ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને પાક પર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. કેળા, દાડમ, લીંબુ, આંબાના બગીચામાં યોગ્ય ભેજ જાળવવા તથા તાપની અસર ના થાય તે માટે સાંજ/સવારના સમયે ટૂંકા અંતરે હળવું પિયત આપવું તથા પાક અવશેષોનું આવરણ કરવુ, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સાયબર સિક્યુરિટી માટે જનજાગૃતિ

એક સમયે બેંકની બહાર ધાડપાડુઓ ઉભા રહેતા અને કોઈ સિનિયર સિટીઝન કે અન્ય કોઈ વ્યક્તિના હાથમાંથી પૈસા ભરેલી થેલીને ઝૂંટવીને ભાગી જતા. આવા ગુનેગારો પકડાઈ જતા પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં અદ્રશ્ય ધાડપાડુ દરિયા પાર ના દેશોમાં બેઠા હોવા છતાં તમારું બેન્ક એકાઉન્ટ સફા ચટ કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે અને પહોંચી વળવા માટે સરકાર દ્વારા આરબીઆઇ અને વિવિધ બેંકો દ્વારા સાયબર સિક્યુરિટી સામે જનજાગૃતિ માટે પ્રયાસો થાય છે જેની આજે ખાસ જરૂર છે જેથી સામાન્ય માનવી બેંકના એકાઉન્ટનું પ્રોટેક્શન કરી શકે. વિજ્ઞાન અને ટેકનોલોજી ના વિકાસને કારણે આર્થિક વ્યવહાર એકદમ સરળ બની ગયા છે કોઈપણ માણસ આજે ડિજિટલ ટેકનોલોજી નો ઉપયોગ કરીને બેન્કિંગ વ્યવહાર કરી શકે છે પણ આ સરળતાને કારણે જ આ નવી આધુનિક સિસ્ટમમાં ફ્રોડ થવાની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે જે ચિંતાનો સૌથી મોટો વિષય છે

ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. વપરાશકર્તાના સંતોષને વધારવા તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઈનો ઉપયોગ કરાશે તેમ કેશફ્રી પેમેન્ટ્સના સીઈઓ આકાશ સિન્હાએ જણાવ્યું હતું.

ભારતમાં ડિજિટલ પેમેન્ટ્સની વૃદ્ધિને - કોણ આગળ લઈ જઈ રહ્યું છે? આ સેક્ટરના મહત્ત્વના ટ્રેન્ડ્સ પણ જણાવો. યુપીઆઈ અને ક્યુઆર કોડ જેવી સરકારી પહેલોએ ઓનલાઇન ડિજિટલ વ્યવહારો અપનાવવા માટે પ્રોત્સાહન આપ્યું છે અને ફિનટેક ક્ષેત્રને ફૂલવાફાલવા માટે સાનુકૂળ માહોલ પૂરો પાડ્યો છે જેના લીધે સમગ્ર ઇકોસિસ્ટમ વધુ સમાવેશક બની છે. ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. આખરે, વપરાશકર્તાના સંતોષને વધારવા- તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઇનો ઉપયોગ કરાશે.

ગ્રાહકોમાં વિશ્વાસ કેળવવા માટે ડિજિટલ સિક્યોરિટી કેવી રીતે સુનિશ્ચિત થઈ શકે? સુરક્ષિત અને સલામત ડિજિટલ વ્યવહારો માટે ઇકોસિસ્ટમને બનાવવી તથા સતત મજબૂત કરવી અનિવાર્ય છે. ભારતીય ફિનટેક કંપનીઓએ રિસ્ક મેનેજમેન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જે છેતરપિંડીભર્યા વ્યવહારો મેનેજ કરવા તથા નિયંત્રણ લાવવા તેમજ સાયબરક્રાઈમને નાથવા માટે વ્યવસાયોને સશક્ત બનાવે. વાસ્તવમાં, એઆઈ અને મશીન લર્નિંગ (એમએસ) ઇન્ટિગ્રેશન્સે છેતરપિંડીને પકડી પાડવામાં, નાણાંકીય નુકસાન ઘટાડવા તથા ગ્રાહકોનો વિશ્વાસ વધારવામાં સફળતા મેળવી છે. આવી સિસ્ટમ્સનો લાભ લઈને ઇન્ટેલિજન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જેથી ઊભરતી સલામતીની

## કેટલો હોય છે સાંસદોનો પગાર, કઈ કઈ સુવિધાનો ઉઠાવી મળે છે લાભ ?

વિશેષ

### સાંસદને એક પાસ પણ આપવામાં આવે છે જેની મદદથી તે કોઇ પણ સમયે રેલ્વેમાં મફ્ત મુસાફરી કરી શકે છે



પ્રજાના પ્રતિનિધિ તરીકે પાર્લામેન્ટમાં બેસતા સાંસદો સરકારમાંથી અનેક ભથ્થા મેળવી રહ્યાં છે. એક સંસદસભ્ય જ્યારે ચૂંટાઇને પાર્લામેન્ટમાં પ્રવેશ કરે છે ત્યારે તેમને મહિને ઓછામાં ઓછાં ૩.૪૦ લાખ રૂપિયાનો પગાર અને ભથ્થાં મળતા હોય છે. સંસદના સત્રમાં હાજરી આપવા દૈનિક ૨૦૦૦ રૂપિયા અપાય છે. એટલું જ નહીં, સાંસદોનો પગાર દર પાંચ વર્ષે વધે છે. તેઓ કાર્યકાળ માટે ભાડામુક્ત આવાસની સુવિધા પણ મેળવે છે.

તેમનો પગાર અને ભથ્થાં ટેક્સ ફ્રી હોય છે. આ સાંસદ જ્યારે નિવૃત થાય છે તેઓ અને તેમનું ફેમિલી પેન્શન મેળવવા હક્કદાર બને છે જેની રકમ સાંસદના કાર્યકાળ પ્રમાણે પ્રતિ માસ ૨૫ હજારથી ૩૯ હજાર રૂપિયા સુધી હોય છે. સાંસદને દર મહિને ૭૦ હજાર રૂપિયા લોકસભા વિસ્તારના ભથ્થાના રૂપમાં મળે છે. આ સિવાય સાંસદને દિલ્હી સ્થિત પોતાના ઘર કે દિલ્હીની ઓફિસમાં ટેલિફોન લગાવવા પર કોઇ ચાર્જ આપવો પડતો નથી, તેને ૫૦ હજાર ફ્રી લોકલ કોલની સુવિધા મળે છે. સાંસદને દર મહિને ઓફિસ ખર્ચ ભથ્થા તરીકે ૬૦ હજાર રૂપિયા મળે છે.

એક સાંસદને એક પાસ પણ આપવામાં આવે છે જેની મદદથી તે કોઇ પણ સમયે રેલ્વેમાં મફ્ત મુસાફરી કરી શકે છે. આ પાસ કોઇ પણ ટ્રેનની ફર્સ્ટ ક્લાસ એસી અથવા એક્ઝિક્યુટિવ ક્લાસમાં માન્ય ગણાય છે. કામ માટે વિદેશ પ્રવાસ કરવા પર પણ સાંસદને ભથ્થુ આપવામાં આવે છે. ટિકિટની સુવિધા વિદેશથી પરત આવવા પર પણ મળે છે. આ સિવાય તેને મેડિકલ ફેસિલિટી પણ મળે છે.

## લેપટોપ, માઉસ, કેબલ્સ, પીન્સ, મોબાઈલ ફોન, જેવી ચીજ વસ્તુઓનો નાશ સાપના ઝેર સમાન

કરંટ ટોપિક

### દૈનિક ૧ લાખથી વધારે મોબાઈલ સિવાયનો ડિજિટલ કહેવાતા ડિવાઈસનો વાર્ષિક સ્ક્રેપ ૩૦ ટનથી પણ વધારે નીકળે છે



સોફ્ટવેર અપડેટની આખી શૃંખલા સમયાંતરે આવે છે ત્યારે ફોન નવો લીધો હોય એવી ફિલિંગ્સ આવે છે, પણ જ્યારે ફોન નવો લેવાનો હોય ત્યારે? હૈયામાં વગર ચોમાસે સૂનામી આવે એટલી ઊંચાઈએથી ઉત્સાહના ઘોડા થનગનતા હોય છે તો ક્યારેક એવું બને છે કે, દુકાનદાર જૂનો મોબાઈલ લઈ લે અને એના બદલામાં નવો આપે. એ પણ કેટલાક પૈસા કાપીને. સમગ્ર દેશમાંથી આ પ્રકારે જે ધંધો થાય છે એમાં દૈનિક ધોરણે કેટલાં મોબાઈલ દરરોજ સ્ક્રેપ-ભંગાર ભેગો થતાં હશે? એક સર્વે અનુસાર દૈનિક ૧ લાખથી વધારે મોબાઈલ સિવાયનો ડિજિટલ કહેવાતા ડિવાઈસનો વાર્ષિક સ્ક્રેપ ૩૦ ટનથી પણ વધારે નીકળે છે. ખાસ કરીને કોરોના કાળ બાદ આવા સ્ક્રેપમાં નેટ ૧૯ ટકાનો વધારો થયો, કારણ કે, ઓનલાઈન પ્લેટફોર્મ આવતા ડિવાઈસ નિર્ભરતા વીજ સપ્લાયમાં વોલ્ટેજ ઘટે એમ એકાએક ઘટી જાય.

ડિજિટલ વેસ્ટ એટલે કે માત્ર ડિવાઈસ વેસ્ટને લઈને સ્ક્રેપના આંકડા પર નજર કરીએ તો આઘાત લાગે એવું પરિણામ છે. ઈન્ટરનેટની જાદુઈ દુનિયા પાછળ કાંટા ઊભા કરતો કચરો પર્યાવરણ માટે પણ જોખમી સાબિત થઈ રહ્યો છે. લેપટોપ, માઉસ, કેબલ્સ, પીન્સ, મોબાઈલ ફોન, સ્ક્રિન ગાર્ડ, ઈયરબડ્સ, બડ્સની કેપ જેવી ચીજ વસ્તુઓનો નાશ સાપના ઝેર સમાન છે. ડાયરેક્ટ નાશ કરવા જાય તો પર્યાવરણ બગડે અને તોડફોડ કરીએ તો એ બીજાને પણ નુકસાન પહોંચાડે.

આ દિશામાં જર્મનીના એક આઈટી પ્રોફેશનલ્સ ગ્રૂપે એક ઈનોવેશન કર્યું છે. આ એવું ઈનોવેશન- એક એવી નવીનતા છે, જેને રિસાઈકલ કરવાની જરૂર નથી. થોડું કાપકૂપ કરીને ડાયરેક્ટ યુઝ કરી શકાય છે. ખરાબ થઈ ગયેલા માઉસ-પેડથી., જેના વાયર કટ કરીને ઘરમાં નાની એવી જગ્યા પર વરગણી બનાવી શકાય. જેના પર નેપક્ધિસ કે મહોતૂ સૂકવી શકાય. આ કેબલ્સ થોડા મજબૂત હોવાથી ભારે સામાન પેક કર્યો હોય તે એની પર ટ્વિસ્ટ વાયરથી લોક કરી શકાય. બધી વસ્તુ રિ-સાઈકલ થતી નથી, કારણ કે પ્લાસ્ટિક કે અન્ય મજબૂત કેમિકલ્સમાંથી બનતી વસ્તુ જ્યારે નાશ થાય ત્યારે નુકસાન તો કરે જ છે. ઝેર પોતાનો સ્વભાવ ન છોડે એમ આવાં કેટલાક ડિવાઈસનો કોઈ તોડ નથી. બસ, સ્માર્ટનેસ વાપરીને રિ-યૂઝ થાય તો ફાયદામાં. લેપટોપ ખરાબ થઈ જાય તો એની અંદરથી જે સારું છે એ કોઈ એસેમ્બલવાળાને આપી શકાયપ

જો સ્ક્રિન ગઈ હોય તો સ્ક્રિન અલગ કરીને એનો ટ્રે તરીકે યુઝ કરી શકાય. વસ્તુ પણ એના પર સ્મૂથ રહેશે અને લાગશે પણ કંઈક નવીન. આવું તો કેટલુંય છે, પણ જે રીતે આ કચરો વધે છે એ જોખમી છે. આ પાછળનું કારણ ઝડપથી અપડેટ થતી ટેકનોલોજી અને હાર્ડકોર યુઝેજ-વપરાશ છે.

આવો કચરો મોટા પ્રમાણમાં આફ્રિક્ધસ કંટ્રીમાં, જ્યાં શ્રમિકો વધારે છે અને એમના ખિસ્સાને આઈફોન જેવા ફોન પરવડે એમ નથી. આવા લોકો માટે સારી કંડિશનવાળા ડિવાઈસ કે લેપટોપ પણ મેકબૂક સમાન છે, કારણ કે, એટલા ગરીબ પ્રાંતમાં આ વસ્તુ પણ એમના જીવનધોરણને અપગ્રેડ કરે છે.

મોટી સંખ્યામાં ડેસ્કટોપ પડ્યા છે? એના સીપીયુ ખાસ કંઈ કામના નથી? તો કોઈ ભઠ્ઠીવાળાને ત્યાં આ લોઢું કામ આવી શકે છે. એની સામે કોઈ નાની એવી રેક કે કસરત માટેના રોડ (પાઈપ) બનાવી શકાય. નાના મોટા અને કસ્ટમાઈઝેશન તે ભઠ્ઠીવાળા જ કહી શકે. અત્યારે ઘણી એવી કંપનીઓ છે જે રિસાઈકલ પ્રોડક્ટમાં કંઈક નવા-જૂની કરીને નવી પ્રોડક્ટ તૈયાર કરે છે.

આમાં કેટેગરી વિચારીએ તો ગેલેક્સી જેવી ગેલેરી બની જાય. એક સત્તાવાર આંકડા મુજબ ૫૭ મિલિયન મેટ્રિક ટન માત્ર ડિજિટલ વેસ્ટ છે. જ્યારે ભારત જેવા દેશમાંથી વાર્ષિક ધોરણે ૧૦૦ ટન માત્ર આવા ડિવાઈસના બોક્સ સ્ક્રેપમાં આવે છે. ચલો, હવે મોબાઈલના બોક્સ તો તમારી પાસે પણ હશે. આનો ઉપયોગ રૂમાલ, મોજા અને કેશ સાચવવા માટે કરી શકાય. કેશ હોય તો એને વાળવા નહીં પડે એવી રીતે સચવાશે. વાળશો તો વધારે સચવાશે. હા, આ બોક્સને ચારેય બાજુથી સેલોટેપ્સ મારીને વધુ મજબૂત કરી શકાય છે.

આ ઉપરાંત લેડિઝ વર્ગ પોતાની ઝીણી ઝીણી જ્વેલરી કે ઓર્નામેન્ટ પણ મૂકી શકે છે. ઉપરથી બંધ થતા બોક્સ હોવાથી અંદર તૂટવાના ચાન્સ ઓછા રહે છે. આવી નવી વસ્તુ બનાવવાનો પણ એક રોમાંચ હોય છે. ક્રિએટિવિટીના કમાલના રિઝલ્ટ જોઈને અન્ય લોકો ચોંકશે એ નક્કી છે.

## સંકટ મોચન હનુમાનજી મહારાજના પરચા અપરંપાર

### હનુમાનજી મહારાજ ભગવાન શિવના રુદ્ર અવતાર છે દયાળુ દેવ છે પરંતુ તેની ભક્તિને ઉપાસના કરતી વખતે ચોક્કસ પ્રકારના નિયમોનું પાલન કરવું અતિ જરૂરી છે શનિદેવ પણ દયાવાન છે પરંતુ તે સાચા માણસોની સાથે!



હનુમાનજી મહારાજ રુદ્ર અવતાર છે તેઓ રામા અવતારમાં પણ હતા અને કૃષ્ણ અવતારમાં પણ હતા અને આજની તારીખે પણ તે ભક્તોના દુઃખ દૂર કરે છે. જરૂર છે માત્ર સાચા દિલથી તેની ભક્તિ કરવાની. તે ભક્ત વત્સલ છે. હનુમાન જયંતિના દિવસે માનવીએ અમુક ભૂલ ન કરવી જોઈએ નહીં તો બજરંગબલીની સાથે શનિદેવ પણ ક્રોધિત થઈ જશે.

હનુમાનજી મહારાજ ભાંગ્યાના ભેરુ છે સંકટ મોચન છે દયાળુ દેવ છે જ્યારે શનિદેવ ખોટા કપટી અને કાવા દાવા કરનાર માણસ વચ્ચે અતિશય કુરતાથી વર્તે છે. પરંતુ જે માનવી સાચા છે નિષ્ઠાવાન છે કોઈ પાસે કશું માંગતા નથી માત્ર પોતાની ફરજ નિભાવે છે અને દુઃખ સહન કરે છે પરંતુ સતનો માર્ગ મુકતા નથી તેવા લોકો માટે શનિદેવ અતિશય દયાળુ છે અને તેના પર પૂર્ણ કૃપા કરે છે શનિવાર બંને દેવો માટેનો સર્વોત્તમ વાર છે ભાવનગરમાં આવેલા રૂખડિયા હનુમાન મહારાજ એવા દેવ છે. જે ભક્તોની મનોકામના તુરત પૂર્ણ કરે છે રૂખડિયા હનુમાન મહારાજ ૪૫૦ વર્ષ થી અહીં બિરાજમાન છે અને તે વિરાસનમાં છે અહીં હનુમાનજી મહારાજને ગાંઠિયા ધરવામાં આવે છે રૂખડીયા હનુમાનના અનેક પરચાઓ પ્રસિદ્ધ છે.

હનુમાન જયંતિના દિવસે ઉપવાસ અને પૂજા કરવાથી ભક્તો મુશ્કેલી ચોક્કસ દૂર થાય ભક્તો સંકટ નિવારકના આશીર્વાદ મેળવે છે. પરંતું આ દિવસે કયા કામ કરવાથી બચવું જોઈએ તે જાણવું જરૂરી છે બાકી હનુમાનજી મહારાજની કથાઓ તો સૌ અનુભવી શકે છે પરંતુ તેની કૃપા મેળવવાના રસ્તા જાણવા આજની તારીખે ખાસ જરૂરી છે

હનુમાન જયંતિનો પવિત્ર તહેવાર ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઉજવવામાં આવશે. હનુમાનજીનો જન્મ ચૈત્ર શુક્લ પૂર્ણિમાના દિવસે થયો હતો અને તેથી જ દર વર્ષે આ તિથિએ હનુમાન જયંતિ ઉજવવામાં આવે છે.

સંકટમોચનની પૂજા કરવાથી ભક્તો તેમના આશીર્વાદ મેળવે છે, પરંતુ કેટલીક એવી પ્રવૃત્તિઓ છે જે તમારે આ દિવસે કરવાથી બચવું જોઈએ. જો તમે આ કામ કરો છો તો માત્ર હનુમાનજી જ નહીં પરંતુ શનિદેવ પણ તમારાથી નારાજ થઈ શકે છે.

હનુમાનજી બ્રહ્મચારી છે અને ભગવાન ઈચ્છે છે કે તેમના ભક્તો ખાસ દિવસોમાં તેમના જેવું વર્તન કરે. તેથી, જો તમે ઈચ્છો છો કે હનુમાનજી તમારાથી નારાજ ન થાય, તો તમારે હનુમાન જયંતિના દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. જો તમે ઈચ્છો છો કે હનુમાનજીના આશીર્વાદ તમારા પર વરસે તો હનુમાન જયંતિના દિવસે માંસ, દારૂ અને વેર વાળી વસ્તુઓનું સેવન ન કરો.

હનુમાન જયંતિના દિવસે તમારે તમારી આસપાસના વાતાવરણ અને મનને શુદ્ધ રાખવું જોઈએ અને ગુસ્સો કરવાથી બચવું જોઈએ. જો તમારા મનમાં કોઈના પ્રત્યે ખરાબ વિચાર આવે છે તો હનુમાનજી તમારાથી નારાજ થઈ શકે છે. આ દિવસે તમારે ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ. તમારે હનુમાનજીની પૂજા દરમિયાન ચરણામૃતનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ અને પૂજા સ્થાન પર હનુમાનજીની તૂટેલી પ્રતિમા અથવા ફાટેલી તસવીર પણ ન રાખવી જોઈએ.

જો તમે આ દિવસે તમારા માતા-પિતા, શિક્ષક અથવા વડીલોનું અપમાન કરો છો, તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી શકો છો. જો તમે આ દિવસે ભગવાન હનુમાનની પૂજા કરવા અથવા વ્રત રાખવા જઈ રહ્યા છો, તો ભગવાન રામનું ધ્યાન કરવાનું ભૂલશો નહીં. આ દિવસે હનુમાનજીની પૂજા કરવાની સાથે ભગવાન રામની પણ પૂજા કરવી જોઈએ. જો તમે આ દિવસે હનુમાનજીની મૂર્તિ રામજીની પૂજા નહીં કરો તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી જશો.

હનુમાનજીએ એક વખત શનિદેવને રાવણના કેદમાંથી

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

મુક્ત કરાવ્યા હતા અને તેમના શરીરના દુખાવાથી રાહત મેળવવા માટે તેમના શરીર પર સરસવનું તેલ પણ લગાવ્યું હતું. આનાથી શનિદેવને ઘણી રાહત થઈ અને તેમણે હનુમાનજીને વચન આપ્યું કે, હું તમારા ભક્તો પર ક્યારેય ક્રૂર નજર નહીં નાખીશ અને તમારા કોઈપણ ભક્ત જે મને સરસવનું તેલ ચડાવશે તેના તમામ દુઃખો હું દૂર કરીશ. અહીં જો સરસવનું તેલ ન મળે તો બીજું કોઈ પણ તેલ ચાલી શકે છે શનિદેવની જે તેલ ચઢાવો તે શનિવારે ચડાવો અને તેમાં કાળા તલ નાખવા જરૂરી છે જેથી તેનું ફળ તાત્કાલિક મળે.

જો તમે હનુમાન જયંતિના દિવસે કંઈક એવું કરો છો જેનાથી હનુમાનજી ગુસ્સે થાય, તો તમે પણ શનિદેવની ક્રૂર નજરનો શિકાર બની શકો છો.

આ સાથે જ તમારે હનુમાન જયંતિના દિવસે લોખંડની ખરીદી ન કરવી જોઈએ કે કાળા કપડા ન પહેરવા જોઈએ, જો કે આ બંને વસ્તુઓ શનિદેવને પ્રિય છે પરંતુ હનુમાનજીને આ વસ્તુઓ પ્રિય નથી. તેથી, આ દિવસે કાળા કપડા પહેરીને અને લોખંડની વસ્તુઓ ખરીદવાથી તમે હનુમાનજી અને શનિદેવ બંનેને નારાજ કરી શકો છો. હિંદુ ધર્મમાં દર વર્ષે ચૈત્ર મહિનાની શુક્લની પૂર્ણિમાની તિથિએ હનુમાન જયંતિ ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવે છે કારણ કે આ દિવસે હનુમાનજીનો જન્મ થયો હતો. આ વર્ષે હનુમાન જયંતિ ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના રોજ ઉજવવામાં આવશે. હનુમાન જયંતિને 'હનુમાન જન્મોત્સવ' કહેવું વધુ યોગ્ય રહેશે કારણ કે એવું માનવામાં આવે છે કે બજરંગબલી હજુ પણ પૃથ્વી પર છે. આજે પણ તેઓ દરેકની સમસ્યાઓનું નિરાકરણ કરે છે તેથી તેમને સંકટમોચનના નામથી પણ ઓળખવામાં આવે છે.

હનુમાન જન્મોત્સવના અવસર પર દર વર્ષે બજરંગબલીની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે. મંદિરોમાં અનેક શુભ માંગલિક કાર્યક્રમો પણ કરવામાં આવે છે અને લોકો પોતાની મનોકામનાઓ પૂર્ણ કરવાની કામના કરે છે. જો તમે હનુમાન જન્મોત્સવના દિવસે મંદિરમાં જઈને હનુમાનજીની પૂજા કરી શકતા નથી. તો તમે ઘરે બેસીને કેટલાક નિયમોનું પાલન કરીને પણ પૂજા કરી શકો છો.

હનુમાન જન્મોત્સવ તિથિ

પંચાંગ પ્રમાણે ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમા તિથિ ૨૩ એપ્રિલના રોજ સવારે ૩:૨૫ વાગ્યાથી શરૂ થશે અને ૨૪ એપ્રિલના રોજ સવારે ૫:૧૮ વાગ્યે સમાપ્ત થશે. તેથી આ વર્ષે હનુમાન જયંતિ ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના દિવસે ઉજવવામાં આવશે.

હનુમાન જન્મોત્સવ પૂજાનું આ શુભ મુહુર્ત છે.

હનુમાનજીની પૂજા કરવા માટેનું શુભ મુહુર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૯:૦૩ વાગ્યાથી ૧૦:૪૧ સુધી રહેશે. બ્રહ્મ મુહુર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૪:૨૦ વાગ્યાથી ૦૫:૦૪ વાગ્યા સુધી રહેશે. આ શુભ મુહુર્તમાં સ્નાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. હનુમાન જયંતિના દિવસે અભિજીત મુહુર્ત સવારે ૧૧:૫૩ વાગ્યાથી ૧૨:૪૬ વાગ્યા સુધી રહેશે.

હનુમાનજીની પૂજા વિધિ

હનુમાન જન્મોત્સવના દિવસે જે લોકો વ્રત રાખે છે તેમણે આખો દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું પડશે. આ દિવસે સવારે બ્રહ્મ મુહુર્તમાં ઉઠીને ભગવાન શ્રી રામ, માતા સીતા અને હનુમાનજીનું સ્મરણ કરવું અને વ્રતનો સંકલ્પ લેવો. ઘરમાં પૂજા સ્થાન પર હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરવી અને વિધિ પૂર્વક પૂજા કરવી. હનુમાનજીને શુદ્ધ જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ સિંદૂર અને ચાંદીના વર્ક સાથે અબીર, ગુલાલ, ચંદન અને ચોખા ચઢાવવા. આ પછી સુગંધિત ફૂલ અને ફૂલની માળા અર્પણ કરવી અને નારિયેળ ચઢાવવું. ત્યારબાદ કેવડા કે પછી અન્ય સુગંધિત અત્તર લગાવવું. હનુમાનજીની મૂર્તિના હૃદયના ભાગ પર ચંદનથી શ્રી રામ લખવું. તેવી જ રીતે શ્રદ્ધા પૂર્વક તમે જે પણ અર્પણ કરવા માંગો છો તે અર્પણ કરી શકો છો.

હનુમાનજીની પૂજા કર્યા બાદ ચાલીસા અથવા સુંદરકાંડનો પાઠ કરવો. જો તમે તેમ ન કરી શકો તો ફક્ત શ્રી રામના નામનો જપ કરવો. અંતમાં હનુમાનજીને નૈવેદ્ય ચઢાવીને આરતી કરવી અને લોકોમાં પ્રસાદ વહેંચવો. હનુમાન જન્મોત્સવનું મહત્વ જેવું તેવું નથી હિન્દુ ધર્મમાં હનુમાન જયંતિનું વિશેષ મહત્વ છે. આ પર્વને શક્તિ, ભક્તિ અને નિષ્ઠાનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે ભગવાન હનુમાનની વિધિ-વિધાનથી પૂજા કરવાથી વ્યક્તિને તમામ પ્રકારના દુઃખોમાંથી મુક્તિ મળે છે અને સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ સાથે જ ભગવાન શ્રી રામ પણ પ્રસન્ન થાય છે

# રાજકારણીઓ સામે વર્ષો ચાલતા કેસોનો હવે ઝડપથી નિર્ણયો લેવામાં આવી રહ્યા છેઃ રિપોર્ટ

## ગયા વર્ષે જ સ્પેશિયલ કોર્ટે ૪,૬૯૭ પેન્ડિંગ કેસમાંથી ૨,૦૧૮માં ચુકાદો આપ્યો

નવિદલ્હી

સાંસદો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોમાં સુપ્રીમ કોર્ટની સતત દેખરેખને કારણે, સાંસદો/ધારાસભ્યો અંગેના નિર્ણયો ટૂંક સમયમાં આવી રહ્યા છે. એમિકસ ક્યુરીએ દાખલ કરેલા રિપોર્ટમાં આ વાત સામે આવી છે. ગયા વર્ષે જ સ્પેશિયલ કોર્ટે ૪,૬૯૭ પેન્ડિંગ કેસમાંથી ૨,૦૧૮માં ચુકાદો આપ્યો હતો. જેના પરથી સ્પષ્ટ થાય છે કે વર્ષોથી ચાલતા જનપ્રતિનિધિઓ સામેના કેસોનો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. ૨૦૧૩ માં, સર્વોચ્ચ અદાલતે ઈં એક્ટની કલમ ૮(૪) ને રદ કરી હતી. જેમાં દોષિત સાંસદો/ધારાસભ્યોને બે વર્ષથી વધુની જેલની સજા ફટકારી હતી. જો તેઓ દોષિત ઠરાવ્યાના ૯૦ દિવસની અંદર ઉચ્ચ મંચ પર તેમની દોષિતતા સામે અપીલ દાખલ કરે તો તેમને ગૃહમાં તેમની બેઠકો જાળવી રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. હાલમાં, ગેરલાયકાત આપોઆપ રદ થાય છે જો દોષિત ઠરાવવામાં આવે તો બે વર્ષ કે તેથી વધુ સમય માટે અને સાંસદો/ધારાસભ્યો ગૃહમાં તેમની બેઠકો ત્યારે જ મેળવી શકે છે જો ઉચ્ચ મંચ દ્વારા નિર્દોષ જાહેર થાય અથવા સજાને રોકવામાં આવે.

ભૂતપૂર્વ અને વર્તમાન સાંસદો અને ધારાસભ્યો સામે પડતર કેસોના એડવોકેટ સ્નેહા કલિતાની મદદથી ડેટાનું સંકલન, એમિકસ ક્યુરી અને વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ સુપ્રીમ કોર્ટમાં તેમના ૨૦મા અહેવાલમાં, સુપ્રીમ કોરટમાં જણાવ્યુ છે કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે તબક્કા-૧ અને તબક્કા-૨ માટે ૨,૮૧૦ ઉમેદવારોમાંથી (તબક્કો-I – 1,618, અને તબક્કા-II – 1,192), ૫૦૧ (૧૮%) ઉમેદવારો સામે ફોજદારી કેસ છે. જેમાંથી ૩૨૭ (૧૨%) ગંભીર પ્રકૃતિના છે (પાંચ વર્ષ અને તેથી વધુ કેદની સજાને પાત્ર). હંસરિયાએ સાંસદો/ધારાસભ્યો સામે ફોજદારી કેસોના નિકાલમાં પ્રોત્સાહક વલણની વિગતો આપી હતી.

# લખનઉએ ચેન્નઈને બીજી વખત હરાવ્યું

## માર્કસે ૬૩ બોલમાં ૧૨૪ રનની મેચ વિનિંગ ઈનિંગ રમી

ચેન્નઈ,

માર્કસ સ્ટોઈનિસની સદીની મદદથી લખનઉ સુપર જાયન્ટ્સે IPL-2024માં ચેન્નઈ સુપર કિંગ્સને ૬ વિકેટથી હરાવ્યું. LSGની આ સિઝનની પાંચમી જીત છે. ટીમ પોઈન્ટ ટેબલમાં ૧૦ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને આવી ગઈ છે.

મંગળવારે ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં લખનઉએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈએ ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૧૦ રન બનાવ્યા હતા. લખનઉએ ૨૧૧ રનનો ટાર્ગેટ ૧૯.૩ ઓવરમાં ૪ વિકેટે ચેઝ કરી લીધો હતો. માર્કસ સ્ટોઈનિસે ૬૩ બોલમાં અણનમ ૧૨૪ રનની સદી ફટકારી હતી. તેણે ૧૩ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા હતા. નિકોલસ પૂરને ૧૫ બોલમાં ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. મથિશ પથિરાનાને બે વિકેટ મળી હતી.



CSK તરફથી ઋતુરાજ ગાયકવાડે ૬૦ બોલમાં ૧૦૮ રનની અણનમ ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં ૧૨ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થાય છે. શિવમ દુબેએ ૨૭ બોલમાં ૬૬ રન બનાવ્યા હતા. તેણે ૩ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. મેટ હેનરી અને મોહસીન ખાનને એક-એક વિકેટ મળી હતી.

# મેગા બજેટ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ અને દીપિકા સાથે અમિતાભ પણ જોવા મળશે

નવિદલ્હી

સદીના મહાનાયક અને બૉલીવુડ ના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન આ દિવસોમાં તેમની બહુપ્રતિક્ષિત આગામી મેગા બજેટ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮' માટે ખૂબ ચર્ચામાં છે, જેમાં દક્ષિણના સુપરસ્ટાર પ્રભાસ અને દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના ઘણા પોસ્ટર સતત રિલીઝ થઈ રહ્યા છે તેની સાથેજ ફિલ્મનું બિગ બીનું પોસ્ટર શેર કરતી વખતે જણાવવામાં આવ્યું હતું કે રવિવારે તેમના પાત્ર વિશે માહિતી







આપવામાં આવશે.

અમિતાભ બચ્ચને તેમની ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ છઢ' નું બીજું નવું પોસ્ટર તેમના ઈન્સ્ટાગ્રામ પર રિલીઝ કર્યું છે, જેમાં તેમની તીક્ષ્ણ આંખો જોવા મળે છે અને તેમનું આખું મોં કપડાથી ઢંકાયેલું જોવા મળે છે. આ સાથે એવું કહેવામાં આવ્યું છે કે સ્ટાર સ્પોર્ટ્સ પર તેના પાત્રને થોડા સમય પછી જાહેર કરવામાં આવશે, જેને લઈને ચાહકો પણ ખૂબ જ ઉત્સાહિત છે અને તેના પાત્ર વિશે જાણવા માટે આતુર છે. નાગ અશ્વિન દ્વારા નિર્દેશિત અને વૈજયંતી મૂવીઝ દ્વારા નિર્મિત 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ, કમલ હસન અને દિશા પટણી જેવા કલાકારો જોવા મળશે.

# બર્ફીલા તળાવો ખતરનાક સાબિત થઈ શકે છે - ઈસરો

## ગ્લેશિયલ તળાવો ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડનું જોખમ ઊભું કરે છે

નવિદલ્હી

હિમાલયના પર્વતોને વિશ્વનો ત્રીજો ધ્રુવ કહેવામાં આવે છે. કારણ મોટી સંખ્યામાં અને જથ્થામાં હિમનદીઓની હાજરી છે. અને ઘણો બરફ. પરંતુ ગ્લોબલ વૉર્મિંગને કારણે આ વિસ્તાર ખૂબ જ પ્રભાવિત થઈ રહ્યો છે. બરફ પીગળી રહ્યો છે. હિમનદીઓ સંકોચાઈ રહી છે. તેની અસર સામાજિક રીતે પણ જોવા મળે છે.

હિમનદીઓનું સંકોચન એટલે બરફનું ઝડપથી પીગળવું. એટલે કે જ્યાં પણ પહાડો પરથી વહેતું પાણી એકઠું થાય છે, ત્યાં હિમનદી તળાવો બને છે. પાણી ઉમેરાવાને કારણે હિમાલયમાં જૂના હિમનદી સરોવરોનું કદ પણ વધે છે. આ હિમનદીઓ અને બરફ ભારતની નદીઓના સ્ત્રોત છે. પરંતુ આ બર્ફીલા તળાવો ખતરનાક સાબિત થઈ શકે છે.

આ ગ્લેશિયલ તળાવો ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડનું જોખમ ઊભું કરે છે. જેમ કે કેદારનાથ, ચમોલી અને સિક્કિમમાં અકસ્માતો થયા છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને અચાનક પૂર અને ભૂસ્ખલનનો ખતરો છે. ગ્લેશિયલ સરોવરો ફાટી જાય છે જ્યારે કોઈ ભારે વસ્તુ તેમાં પડે છે અથવા જ્યારે પાણીનું પ્રમાણ વધે છે ત્યારે તેની દિવાલો તૂટી જાય છે. ઈસરો ઉપગ્રહો દ્વારા આના પર નજર રાખે છે. નવા સરોવરોનું નિર્માણ થઈ રહ્યું છે તેમજ જૂના સરોવરોનું કદ વધી રહ્યું છે.

# દિનેશ કાર્તિક આઈપીએલમાં ૨૫૦ મેચ રમનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે

મુંબઈ,

૩૮ વર્ષીય દિનેશ કાર્તિક આઈપીએલ ૨૦૨૪માં શાનદાર બેટિંગ કરી રહ્યો છે. દિનેશ કાર્તિક અત્યાર સુધી આક્રમક બેટિંગ કરીને ટીમ માટે રન બનાવવામાં સફળ રહ્યો છે અને રોયલ ચેલેન્જર બેંગ્લોરના વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે આ મેચ દરમિયાન એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

૩૮ વર્ષીય દિનેશ કાર્તિક આઈપીએલના સૌથી વૃદ્ધ ખેલાડીઓમાંથી એક છે. દિનેશ કાર્તિકે વર્ષ ૨૦૦૮માં આઈપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. રવિવારે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે રમાયેલી મેચ દિનેશ કાર્તિકની આઈપીએલ કારકિર્દીની ૨૫૦મી મેચ છે.

દિનેશ કાર્તિક આઈપીએલમાં ૨૫૦ મેચ રમનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે. દિનેશ કાર્તિક સિવાય માત્ર રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોનીએ આ સિદ્ધિ મેળવી છે.





# દરેક વસ્તુની એક લિમિટ હોય નાઈટસૂટમાં તો ફોટો ન લેવાયનેઃ સોનાલી બેન્દ્રે

મુંબઈ,

સોનાલી બેન્દ્રે, જયદીપ અહલાવત અને શ્રિયા પિળગાંવકરની 'ધ બ્રોકન ન્યુઝ' સિરીઝની બીજી સીઝન ત્રીજી મેએ રિલીઝ થવાની છે. સોનાલી બેન્દ્રે એમાં 'આવાઝ ભારતી' નામની ન્યુઝ ચૅનલની હેડ અમીના કુરેશીના પાત્રમાં છે. સોનાલી બેન્દ્રેએ આ સંદર્ભમાં રિયલ મીડિયા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે 'મારી કરીઅર દરમ્યાન મીડિયા સાથે મારો પ્લસ-માઇનસ સંબંધ રહ્યો છે.

ગૉસિપ્સ વગેરે મારા વિશે એક સમયે આવી ચૂકી છે. ત્યારે નવાઈ લાગતી, ગુસ્સો પણ આવતો; પણ હવે આ પાત્ર કર્યા પછી લાગે છે કે પત્રકારો પર કેવું પ્રેશર હોય છે. હવે હું તેમને માનવીય રીતે જોઉં છું. ખ્યાલ આવ્યો કે તેમના પર પણ પ્રેશર હોય છે.'

આજે ડિજિટલ મીડિયાના જમાનામાં સેફ સ્પેસ ઓછી કે ઝીરો થઈ ગઈ છે એમ જણાવતાં સોનાલી બેન્દ્રેએ કહ્યું હતું કે 'હવે તમે માત્ર ચાર દીવાલની અંદર જ કૅમેરાથી બચેલા છો. જેવા રૂમમાંથી બહાર નીકળ્યા એટલે જેના હાથમાં મોબાઇલ છે એ બધા જર્નલિસ્ટ છે આજે. તેઓ એક ક્લિક કરીને ઇન્ટરનેટ પર મૂકે એટલે બધું પૂરું!' પાપારાઝી એટલે કે અત્રતત્રસર્વત્ર પહોંચી જતા ફોટોગ્રાફરોના કલ્ચર વિશે વાત કરતાં સોનાલીએ કહ્યું હતું કે 'પાપારાઝી નવું આવ્યું ત્યારે ગમેતેમ ફોટો પાડતા. તમે થાકેલા હો, તબિયત સારી ન હોય તોય ફોટો પડી જાય અને નીચે કમેન્ટ્સ આવે કે જુઓ મેકઅપ વિના આ હિરોઇન કેવી લાગે છે. પણ હવેનું પાપારાઝી જુદું છે. હવે હું રિક્વેસ્ટ કરું છું કે આજે નહીં, બે દિવસ પછી ફોટો આપીશ. તેઓ સ્પેસ આપે છે. તેઓ એવું પણ કહે છે કે આ ફોટો નથી ચાલતા, મેકઅપ વિના આપો!



# કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત

કુવૈત,

કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત થઇ છે. કુવૈતમાં ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપી હતી. મહત્વનું છે કે કુવૈતમાં ભારતીય સમુદાયનો મોટો વર્ગ છે ત્યારે હિંદીમાં રેડિયો પ્રસારણની શરૂઆત થતા ભારતીય દૂતાવાસ સહિત કુવૈતમાં રહેતા ભારતીયોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

ભારતીય દૂતાવાસે એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે કુવૈતના માહિતી મંત્રાલયની પ્રશંસા કરી હતી.



ભારતીય દૂતાવાસે કહ્યું કે કુવૈત દ્વારા લેવામાં આવેલ આ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને, ભારતીય દૂતાવાસે કહ્યું, કુવૈતમાં પ્રથમ વખત હિન્દી રેડિયો પ્રસારણ શરૂ થયું છે. ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી દર રવિવારે (૮:૩૦ થી ૯ પીએમ) એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે ભારતીય દૂતાવાસ કુવૈતના સંચાર મંત્રાલયની પ્રશંસા કરે છે. આ પગલાથી ભારત-કુવૈત સંબંધો વધુ મજબૂત બનશે.

મહત્વનું છે કે કુવૈતમાં લગભગ ૧૦ લાખ ભારતીયો રહે છે. જે દેશનો સૌથી મોટો પ્રવાસી સમુદાય છે. કુવૈતમાં ભારતીયોને પસંદગીનો સમુદાય માનવામાં આવે છે. ઈજનેરો, ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વૈજ્ઞાનિકો, સોફ્ટવેર નિષ્ણાંતો, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ, આર્કિટેક્ટ્સ, ટેકનિશિયન અને નર્સો જેવા વ્યાવસાયિકો ઉપરાંત રિટેલર્સ અને બિઝનેસમેન પણ અહીં રહે છે. ભારત લાંબા સમયથી કુવૈતનું વેપારી ભાગીદાર છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં બંને દેશોએ રાજદ્વારી સંબંધોની ૬૦ વર્ષની ઉજવણી કરી હતી. ભારતીય રાજદૂત આદર્શ સ્વૈકા કુવૈતના નાયબ વડાપ્રધાનને ૧૭ એપ્રિલના રોજ મળ્યા હતા. જે દરમિયાન ભારતીય રાજદૂતે કુવૈત દ્વારા શરૂ કરાયેલા પ્રવાસી-મૈત્રીપૂર્ણ પગલાંની પણ પ્રશંસા કરી હતી. કુવૈતમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

# રિતેશ દેશમુખે પત્ની જેનેલિયા અને પુત્રો સાથે રામલલાના દર્શન કર્યા

મુંબઇ,

એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

એક્ટર અને ફિલ્મમેકર રિતેશ દેશમુખે પોતાના ઓફિશ્યલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ફોટો શેર કર્યો છે. ફોટોમાં એક તરફ તે પરિવારની સાથે હાથ જોડીને દર્શન કરી રહ્યા છે તો બીજી બાજુ રામલલાની ઝલક દેખાઈ રહી છે.

એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ

રિતેશ દેશમુખે ઈન્સ્ટાગ્રામ પર રામમંદિર દર્શનના ફોટોની સાથે એક કેપ્શન પણ શેર કર્યું છે. રિતેશે લખ્યું- મંત્રોથી મોટુ તારૂ નામ- જય શ્રીરામ! રામલલાના દર્શન કરીને બ્લેસ્ડ છે. આ ઉપરાંત તેમના બીજા પણ ઘણા ફોટો વાયરલ થઈ રહ્યા છે.

ફોટોમાં રિતેશ દેશમુખ અને જેનેલિયા દેશમુખ, રામ મંદિરના પુજારી સાથે મુલાકાત કરતા દેખાઈ રહ્યા છે. પુજારીએ રિતેશ અને જેનેલિયાને ભેટ આપીને તેમનું સ્વાગત કર્યું. પીળા કુર્તામાં રિતેશ અને સફેદ સૂટમાં જેનેલિયાના ફોટો વાયરલ થઈ રહ્યા છે.

# અમ્પાયર સાથે દલીલ વિરાટ કોહલીને પણ ભારે પડી શકે છે : ધોનીને સજા મળી હતી

કોલકતા,

વિરાટ કોહલી ફરી એકવાર ચર્ચામાં છે. રવિવારે ઈડન ગાર્ડન્સમાં અમ્પાયરના નિર્ણયથી કોહલી ઘણો નારાજ દેખાઈ રહ્યો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાયેલી મેચમાં આ અંગે મેદાનની વચ્ચે ભારે હોબાળો થયો હતો. મામલો એ હદે પહોંચી ગયો કે કોહલીએ પોતાની વિકેટ પર અમ્પાયર સાથે દલીલ કરવાનું શરૂ કરી દીધું. વાસ્તવમાં, કોહલી ત્રીજી ઓવરમાં આઉટ જાહેર થતાં નારાજ હતો. આ પછી તેની અમ્પાયર સાથે દલીલ થઈ હતી. ચાલો જાણીએ કે અમ્પાયર સાથે દલીલ કરવાની શું છે સજા?

એમએસ ધોની જેવા ખેલાડીઓને પણ



અમ્પાયર સાથે દલીલ કરવા બદલ સજા થઈ છે. પાંચ વર્ષ પહેલા રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી મેચમાં નો બોલ આપવામાં આવ્યા બાદ ધોની ગુસ્સે થયો હતો. જોકે, ફ્રેન્ચાઈઝીએ ધોની વતી આ દંડ ભર્યો હતો. આવી જ રીતે ગયા વર્ષે ૧૩ એપ્રિલે સન રાઈઝર્સ હૈદરાબાદના એક ખેલાડીને અમ્પાયરના વિરોધના બોજનો સામનો કરવો પડ્યો હતો. હેનરિક ક્લાસેનને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો.

વાસ્તવમાં, અમ્પાયર સાથે દલીલ કરવી આઈપીએલ આચાર સંહિતા વિરુદ્ધ છે. આ માટે કલમ ૨.૭ હેઠળ ગુનાઓ જાહેર કરવામાં આવ્યા છે.આઈપીએલની આચારસંહિતામાં જાહેર ટીકા અથવા અયોગ્ય ટિપ્પણીઓ માટે સજાની જોગવાઈઓ સામેલ છે. ૧૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઋષભ પંત પણ અમ્પાયર સાથે દલીલ કરતો જોવા મળ્યો હતો. અલ્ટ્રા એજ ટેક્નોલોજીનો ઉપયોગ ન કરવા પર તે ગુસ્સે હતો. જોકે, તે અમ્પાયર પર નિર્ભર કરે છે કે તેઓ કોહલી વિશે ફરિયાદ કરે છે કે નહીં. ૨૨૩ રનનો પીછો કરવા વિરાટ કોહલી આઉટ થયો હતો.

# સલમાન ખાને દુબઈમાં સંજય દત્તના દિકરા સાથે ભારત-પાકિસ્તાનની મેચ જોઇ

દુબઇ,

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન વિશેની ચર્ચાઓ એવી છે ક્યારેય સમાપ્ત થતી નથી. છેલ્લા કેટલાક દિવસોથી સલમાન ખાન પોતાની સુરક્ષાને લઈને ચર્ચામાં છે. જાનથી મારી નાખવાની ધમકીઓ અને તેના ઘર ગેલેક્સીની બહાર ફાયરિંગની ઘટના પછી, ભાઈજાનની સુરક્ષા હેડલાઈન્સનો ભાગ બની ગઈ છે. એવામાં હવે હાલ દુબઈથી સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. તાજેતરમાં તેઓ એક શોનો ભાગ બનવા માટે દુબઈ ગયા હતા અને તેઓ ભારત અને પાકિસ્તાન કરાટે મેચ જોવા ગયા હતા. આ



દરમિયાન સંજય જય દત્તનો પુત્ર શહરાન પણ સલમાન સાથે જોવા મળ્યો હતો.

જણાવી દઈએ કે શાહરાન સંજય દત્તનો અને તેની ત્રીજી પત્ની માન્યતા દત્તનો પુત્ર છે અને તેની એક બહેન પણ છે. જ્યારે સંજય દત્તને તેની પહેલી પત્ની રિચા શર્માથી એક પુત્રી ત્રિશાલા છે. હાલ સલમાન અને શાહરાનનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

હવે દુબઈથી પરત ફર્યા બાદ મુંબઈ એરપોર્ટ પરથી સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં સલમાન ખાન સાથે સુરક્ષાકર્મીઓનો કાફલો પણ જોવા મળ્યો હતો. દુબઈમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ આજે સવારે સલમાન ખાન પરત ફર્યા ત્યારે પેપ્સે કેમેરામાં સલમાન ખાનની ઝલક રેકોર્ડ કરી હતી, જેનો વીડિયો હવે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે.

સલમાન ખાનના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેતા છેલ્લે ફિલ્મ 'ટાઈગર ૩' માં સિલ્વર સ્ક્રીન પર જોવા મળ્યો હતો. 'ટાઈગર ૩' બાદ હવે સલમાન ખાન 'સિકંદર'માં જોવા મળશે. જેની અભિનેતાએ ઈદના અવસર પર ચાહકો માટે જાહેરાત કરી હતી.

# રાજકોટ ડેરી મર્ચન્ટ એસોસીએશનના પ્રતિનિધિઓ દ્વારા એનઆરઆઈ યાત્રીનું હાર્દિક સ્વાગત



રાજકોટ, વડોદરાના ૭૦ વર્ષીય લંડન સ્થિત એનઆરઆઈ શ્રી નિતિનભાઈ બુમિયા દ્વારા દેશનાં ૧૨ જયોતિર્લિંગ દર્શનનો મોટર સાઈકલ મારફતે પ્રવાસ આરંભ કર્યો છે. ત્યારે તેઓને રાજકોટ ખાતે રાજકોટ ડેરી મર્ચન્ટ એસોસીએશનના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પોપટભાઈ શીંગાળા, સંગઠન મંત્રીશ્રી સમિરભાઈ દોમડીયા, ફાઉન્ડર મેમ્બરશ્રી ભિખાભાઈ પેઢડીયા, લીડીંગ મેમ્બરશ્રી નાગજીભાઈ આટકોટીયા દ્વારા ફુલહાર પહેરાવી તથા મિઠાઈ દ્વારા મો મીઠું કરાવી હાર્દિક સ્વાગત કરીને તેઓની આ યાત્રા ખુબ સફળ બની રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૪૦૦ પાર મિશનની સફળતા માટે તેમણે આ સંકલ્પ લીધેલ છે. જે સરાહનીય છે. મોટરસાઈકલ ઉપરનો તેમનો આ પ્રવાસ આશરે ૪૫ દિવસમાં પુરો કરશે. જેમાં ૧૨૦૦૦ કિલોમિટરનો પ્રવાસ થશે અને ૧૬ રાજયોના ૨૪૮ જીલ્લાઓ અને ૫૨ થી વધુ શહેરોની સફર તેઓ કરશે તેમજ પ્રતિદિન ૩૫૦ કિ.મી. નું ડ્રાઈવીંગ કરશે.

# ક્ષત્રિય સમાજને મોદીના હાથ મજબૂત કરવા માટે સમર્થન આપવા મોરબીના રવાપરમા રૂપાલાની અપીલ

## મોરબીની જનસભામાં જય શિવાજી અને જય ભવાની નારા લગાવ્યા: ક્ષત્રિય સમાજને નાની મોટી વાતને દરગુજર કરવા આહવાન

મોરબી

મોરબીના રવાપરમાં ભાજપના રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ રોડ શો યોજી સભા સંબોધી હતી. જેમાં તેઓએ ક્ષત્રિય સમાજને મોદીના હાથ મજબૂત કરવા માટે સમર્થન આપવા અપીલ કરી હતી.આ સભામાં મોહનભાઈ કુંડારીયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે છ લાખ થી વધુ લીડ આવે તેવા કાર્યકર્તાઓ કચકચાવીને પ્રયત્ન કરે. કેસરિદેવસિંહે જણાવ્યું કે ૨૬ સીટ માંથી ૪ કમળ દેવાની જવાબદારી મોરબી જિલ્લામાં છે. ત્યારે આપણે ૪૦૦ પારનો સંકલ્પ પૂર્ણ કરી મોદીના હાથ મજબૂત કરીએ.

પરસોતમ રૂપાલાએ જણાવ્યું કે વડાપ્રધાનની કોઈ સ્પર્ધા દેખાતી જ નથી, કેટલીય બીજી જાનુ નીકળી છે પણ એમાં વરરાજા નથી, કોઈએ ખોખારો ખાઈને કીધું જ નથી કે હું વડાપ્રધાન બનવા માંગુ છું. જ્યારે મોદીએ કીધું છે કે હું ત્રીજી ટર્મમાં આવીશ , રાજકોટ વર્તમાનપત્રમાં મને અચૂક લાગે છે ૧૦૦ % મતદાન થયું એ આ વખતે આવશે.વધુમાં તેઓએ ઉદ્યોગકારોને ખાસ જણાવ્યું કે તમારો કર્મચારી પરિવાર મોટો હોય છે જેથી ચોકસાઈથી તેઓ ૧૦૦ ટકા મતદાન કરે તેની તકેદારી રાખે. ઉપરાંત તેઓએ આરોગ્ય ક્ષેત્રે, રેલવે ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે વડાપ્રધાન મોદીએ કરેલા કાર્યો જણાવ્યા હતા અને કહ્યું હતું કે હજુ પણ આવતા સમયમાં સમૃદ્ધિ અને વિકાસ કરવા મોદીજીને સાથ આપજો.

પરસોત્તમ રૂપાલાએ અંતમાં જય શિવાજી અને જય ભવાની નારા લગાવ્યા હતા. બાદમાં કહ્યું હતું કે હું ક્ષત્રિય સમાજને અપીલ કરું છું કે નાની મોટી વાતને દર ગુજર કરી મોદીના હાથ મજબૂત કરવા સમર્થન આપી અને દેશને સમર્થ બનાવે.

# રાજકોટ જિલ્લા પંચાયતનું નવું બિલ્ડિંગ ન બને ત્યાં સુધી જૂના કોર્ટ બિલ્ડિંગમાં ખસેડવા હિલચાલ

## ડીસ્ટ્રીક જજ મંજુરી આપે તે સાથે જ સ્થળાંતર કરી દેવામાં આવશે : ડીડીઓ



રાજકોટ, રાજકોટ જિલ્લા પંચાયતનું ૩૪ કરોડના ખર્ચે બનનારા નવા બિલ્ડીંગને હજી એક વર્ષ સુધીનો સમય લાગી શકે તેમ છે ત્યારે જિલ્લા પંચાયત હસ્તકની તમામ શાખાઓને જુના કોર્ટ બિલ્ડીંગમાં ખસેડવામાં આવી રહ્યાના અહેવાલો મળી રહ્યાં છે. આ માટે બનાવેલ કમીટીમાં ડિસ્ટ્રીક જજ અને કલેકટર તરફથી મંજુરી મળી ગઈ છે અને હવે ડીસ્ટ્રીક જજ મંજુરી આપે તે સાથે જ સ્થળાંતર કરી દેવામાં આવશે.આ અંગે માહિતી આપતાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું તહું કે, જિલ્લા પંચાયતનું નવું બિલ્ડીંગ બાંધવા માટે નિર્માણ કાર્ય ચાલુ કરવાની તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે અને આ બિલ્ડીંગનું નિર્માણ એક વર્ષ સુધી ચાલશે.

# બાળકોને તેમની રસ રૂચિ મુજબ ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ઘડવા વાલીઓએ સહયોગ આપવો જોઈએ: પરશોતમભાઈ રૂપાલા

## પરશોતમભાઈ રૂપાલાની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં ખોખડદળ ગામ સ્થિત રીવર સાઈટ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા વાલી સંમેલન યોજાયું

રાજકોટ :

ખોખડદળગામ ખાતે આવેલ રીવર સાઈટ ઈન્ટરનેશનલ સ્કુલમાં શાળાના બાળકોના વાલીઓ માટે પ્રેરણાદાયી વાલીનો વાર્ષકિ સેમીનાર રાખવામાં આવ્યો હતો. આ સેમીનારમાં કેન્દ્રીય પશુપાલન મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહયા હતા, તેમણે આ તકે જણાવ્યુ કે વાલીઓએ બાળકોને વિદ્યાશાખા પસંદ કરવા માનસિક દબાણ ન કરવુ જોઈએ બાળકોને તેમની રસ રૂચિ મુજબ શૈક્ષણિક કારકિર્દી ઘડવા અનુરોધ કર્યો હતો.તેમણે આ તકે ૧૦ વર્ષમાં દેશના યશસ્વી વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિવિધ ક્ષેત્રે કરાયેલા વિકાસના કામોને ધ્યાને રાખીને ૧૦૦ ટકા મતદાન થાય તે માટે અનુરોધ કરેલ હતો. આ વાલી સંમેલનમાં જાણીતા વકતા અને ટ્રેઈનર શ્રી શૈલેષભાઈ સગપરીયા ધ્વારા હોલીસ્ટીક વેલીનેસ ફોર હેપીનેસ વિષય ઉપર વકતવ્ય આપવામાં આવ્યુ હતુ. પ્રારંભમાં સ્વાગત પ્રવચન સંસ્થાના ટ્રસ્ટીશ્રી બાબુભાઈ નસીતે કરેલ હતુ. મહેમાનોનુ ફુલહારથી સ્વાગત સંસ્થાના ડાયરેકટર ભરતસિંહ જાડેજા અને પ્રિન્સીપાલ શ્રી દિનેશભાઈ સોયાએ કરેલ હતુ.



આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સભ્ય રામભાઈ મોકરીયા, પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણી, પૂર્વ ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, અગ્રણીઓ ચેતનભાઈ રામાણી, પરશોતમભાઈ સાવલીયા, નીતિનભાઈ ઢાંકેચા, નરેન્દ્રસિંહ જાડેજા, સંજયસિંહ રાણા, ચેતનભાઈ કથીરીયા, પ્રકાશભાઈ કાકડીયા, વલ્લભભાઈ મકવાણા, સંજયભાઈ ત્રાપસીયા, ભરતભાઈ મકવાણા, સંજયભાઈ ખુંટ, અભીતભાઈ ખુંટ, ભાષ્કરભાઈ જસાંણી, વલ્લભભાઈ ખુંટ, ગોવિંદભાઈ, સંજયભાઈ મોલીયા, અજીતભાઈ ગમારા, મનસુખભાઈ સરધારા, ભરતસિંહ જાડેજા, હંસરાજભાઈ પીપળીયા, ભીમજીભાઈ કલોલા, રાજુભાઈ કળસરીયા, જયેશભાઈ કોટડીયા, વિવેકભાઈ વીરડીયા, ઘનશ્યામભાઈ ભુવા, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટ ખાતે ઓબીસી જન જાગરણ મંચ દ્વારા મહાસંમેલનમાં અંત્યોદય સેવારત્ન એવોર્ડ

## લોકસભાના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ



રાજકોટ, ઓબીસી જનજાગરણ મંચ દ્વારા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના હાથ મજબૂત કરવા ઓબીસી પરિવાર મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગરીબ અને અધિકાર વંચિત સમાજ માટે લગાતાર કામ કરનારા કાર્યકર્તાઓને અંત્યોયદય સેવા રત્ન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વજુભાઇ વાળા, લોકસભાના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલા, પૂર્વ મુખ્યંમંત્રી વિજયભાઇ રૂપાણી, રાજ્ય સભાના સભ્ય રામભાઇ મોકરીયા, સાંસદ મોહનભાઇ કુંડારીયા, ધારાસભ્યખ ઉદયભાઇ કાનગડે જણાવ્યું હતું કે ૧૦૬ ઓબીસી જ્ઞાતી અને તેની અંગભૂત જાતિઓ એટલે કે ૪૦ વિચારતી વિમુખ એમ કુલ મળીને ૧૪૬ ઓબીસી જાતિઓની વસ્તી ગુજરાતમાં ૫૪ ટકા છે આ જાતિઓને મોદીના રાજયમાં ૨૭ ટકા નોકરીઓમાં પારદર્શકતા આવી તેને કારણે કલ્પી ન શકાય તેવી નાની નાની જાતિઓ ને નોકરીઓમાં તક મળવા લાગી છે.

એ જ રીતે સ્થાદનીક સ્વ રાજની ચૂંટણીઓમાં ૧૦ટકા અનામત હતી તે જવેરીપંચના રિપોર્ટના આધારે ગુજરાત સરકારે ૨૭ ટકા અનામત આપવાનો બહુ મોટો અને ક્રાંતિકારી નિર્ણય લીધો છે તેને કારણે ઓબીસીબી વર્ગના શાસન પ્રશાસનમાં મજબૂત ભાગીદારી બનવાની છે.

કરણાભાઇ માલધારી અને તનસુખભાઇ ગોહેલે ઓબીસીની પરચુરણ જાતિઓ સો ટકા મતદાન કરીને રૂપિયો બને લાકડી મટીને ભારો બને એ ખૂબ જરૂરી છે. લોકસભાની ચૂંટણીમાં સમજદાર બની સંગઠિત બની ભારે મતદાન કરે કહેવત છે કે જાગશે એ પામે એવી ટકોર કરણાભાઇ માલધારીએ કરી હતી.આ પ્રસંગે અંત્યોદય સેવા રત્નક વજુભાઇ વાળાના હસ્તેં સેનીટેશન કમિટીના ચેરમેન નિલેશભાઇ જલુ, શ્રી રૂપાલાના હસ્તે છોટુભાઇ પરસોડાને અંત્યોદય સેવા રત્ન એવોર્ડ તેમજ વિજયભાઇ રૂપાણીએ કનકભાઇ બજાણીયાનું અંત્યોદય સેવા રત્ન અર્પ કરીને સન્માન કર્યુ હતું.

# કેન્દ્ર સરકારની નાના-મોટા ઉદ્યોગના વિકાસ માટેની અનેકવિધ પ્રોત્સાહક યોજનાઓ થકી ધંધા-ઉદ્યોગક્ષેત્રે વિકાસ વેગવંતો બન્યો છે : રૂપાલા

## વાંકાનેર-બામણબોર બાઉન્ડ્રી નેશનલ હાઈવે ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના યોજાયેલ સ્નેહમિલનમાં પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ



રાજકોટ :વાંકાનેર તાલુકાના જાલીડા ગામ ખાતે ફોરેક્ષ ગ્રુપ ઓફ કંપની ખાતે વાંકાનેર-બામણબોર બાઉન્ડ્રી નેશનલ હાઈવે ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના ઉપક્રમે સંસ્થાના સભાસદ ઉદ્યોગકારોનું એક સ્નેહમિલન યોજવામાં આવેલ હતું. જેમાં ૧૦૦થી વધુ ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે વાંકાનેર-બામણબોર નેશનલ હાઈવે ઉપર સ્પીનીંગ ઉદ્યોગ, પેકેજીંગ ટેબલવેર પ્રોડકટસ સહિત ૧૦૦થી વધુ ઉદ્યોગોના યુનીટ કાર્યરત છે. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી હતી.

તેમણે આ તકે જણાવેલ કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉદ્યોગોના વિકાસ અને પ્રોત્સાહન માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.જેનાથી નાના-મધ્યમ- સૂક્ષ્મ ઉદ્યોગોને પણ લાભ મળ્યો છે. ત્યારે દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના છેલ્લા ૧૦ વર્ષના લોકોપયોગી કાર્યોને ધ્યાનમાં લઈને ભાજપના સમર્થનમાં સો ટકા મતદાન કરાવવા અપિલ કરેલ હતી. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય કાંતીભાઈ અમૃતીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, એસો.ના પ્રમુખ ગૌતમભાઈ ધમસાણીયા, સેક્રેટરી અપૂર્વભાઈ ઝાલાવડીયા, દેવાંગભાઈ ખીરસરીયા, ભુપતભાઈ સંતોકી અને એસોસીએશનના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# બિડેને જૈન સમુદાયને મહાવીર જયંતિની શુભેચ્છા પાઠવી

રાજકોટ:ભગવાન મહાવીર જયંતિનાં પવિત્ર તહેવાર નિમિત્તે અમેરિકાનાં રાષ્ટ્રપતિ જો બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેને જૈન સમાજને મહાવીર જયંતિની શુભેચ્છા પાઠવતા કહ્યું કે, “વર્તમાન સમયમાં મહાવીર સ્વામીનાં મૂલ્યોને મહત્વ આપવાની જરૂર છે. તેમણે તેમના સંદેશમાં જણાવ્યું હતું કે આ અવસરને પ્રેમ, ખુશી અને સંવાદિતા વહેંચીને ઉજવી શકાય છે. રાષ્ટ્રપતિ બિડેનના મહાવીર જયંતિના સંદેશાની પ્રશંસા કરતા આચાર્ય લોકેશજીએ કહ્યું કે વૈશ્વિક સ્તરે ભગવાન મહાવીરના દર્શનની સ્વીકૃતિ વધી રહી છે. હાલમાં વિશ્વ ઈઝરાયેલ અને પેલેસ્ટાઇન, યુક્રેન અને રશિયા જેવા અનેક યુદ્ધોનો સામનો કરી રહ્યું છે. આવા સમયે ભગવાન મહાવીરનાં દર્શન કરીને શાંતિ સ્થાપી શકાય છે.”

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં વિશ્વ શાંતિ અને સદભાવના પ્રવાસ દરમિયાન આચાર્ય લોકેશજીને યુએસ પ્રેસિડેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આચાર્ય લોકેશજીના માર્ગદર્શન હેઠળ કેલિફોર્નિયા સ્ટેટ એસેમ્બલી અને લંડનની સંસદમાં મહાવીર જયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આચાર્ય લોકેશજીએ ભગવાન મહાવીરનાં દર્શનનાં મૂલ્યોની પ્રાસંગિકતાનો ઉલ્લેખ કર્યો હતો.

# રાજકોટ મહાપાલિકા દ્વારા ૨૫ એપ્રિલે વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી થશે

## જાહેર પ્રદર્શન, રંગોળી, રેલી, પત્રીકા વિતરણનું આયોજન: વિનામૂલ્યે પોરાભક્ષક માછલીનું વિતરણ

રાજકોટ,વિશ્વ મેલેરીયા દિવસની આ વર્ષની થીમ વધુ સમાન વિશ્વ માટે મેલેરીયા સામેની લાડઈને વધુ વેગ આપીએ છે. રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા પણ વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જેનો હેતુ લોકોને મેલેરીયા રોગ વિશે જાણકારી તથા તેના બચાવ અંગે પગલા લેવા જાગૃત કરવાનો છે. આરોગ્ય શાખા દ્વારા ૨૫ એપ્રિલ, 'વિશ્વ મેલેરીયા દિવસ' નિમિતે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

સવારે ૯ થી ૧૨ કલાકે ઈસ્ટ ઝોનમાં બાલક હનુમાન મંદિર પાસે, પેડક રોડ, વેસ્ટ ઝોનમાં રૈયા ચોકડી, મોમાઈ હોટલની પાસે, સેન્ટ્રલ ઝોનમાં આંબલીયા હનુમાન મંદિર પાસે, જંકશન પ્લોટ ખાતે જાહેર પ્રદર્શન તથા વિનામૂલ્યે પોરાભક્ષક માછલી વિતરણ રાખેલ છે.

રાત્રી સભા સોસાયટીમાં આરોગ્ય શિક્ષણ સોસાયટીમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તથા જીવંત પોરા તથા મચ્છરના માધ્યમથી શ્રી હાઈટસ એપાર્ટમેન્ટ, જુનો મોરબી રોડ, નિલગ્રીન એવન્યુ સંજય વાટીકા નીલસીટી, આ ઉપરાંત મહાનગરપાલિકાના ૨૩ આરોગ્ય કેન્દ્ર પર રંગોળી, પત્રીકા વિતરણના માધ્યમથી ઓપીડીમાં આવતા દર્દી તથા તેના સગા-સંબંધીઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે તથા આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારમાં એએનએમ-આશાબહેનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવશે.

# ઘોડીપાસાનો જુગાર રમતા ચાર ઝબ્બે

રાજકોટ:વિજય પ્લોટમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતાં ચાર શખ્સોને એ-ડીવી. પોલીસે પકડી રુ. ૪૫૦૦ની રોકડ કબ્જે કરી હતી. દરોડાની વિગત મુજબ એ-ડીવી. પોલીસ આર.જી. બારોટની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ધર્મેશભાઈ પરમાર, ગોપાલભાઈને મળેલ ચોક્કસ બાતમીના આધારે વિજય પ્લોટ શેરી નં.૧૫, માલવીયાવાડીમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા દિપક મનજી નકુમ, જયેશ રાજુ રાઠોડ, રીયાઝ મનસુર ગણોદ વાલા અને હનીફ ગની જુલાલીને પકડી રૂ.૪૫૦૦ની રોકડ કબ્જે કરી હતી.

# રાજકોટના પોપટપરામાં ભૂગર્ભ ગટરમાં ફસાયેલી બિલાડીને ફાયર બ્રિગેડની ટીમે બચાવી

રાજકોટ, રાજકોટ શહેરના પોપટપરા નાલા નજીક ગુરૂનાનક હોલ પાછળ ભૂગર્ભ ગટરમાં એક બિલાડી પડી ગયાની જાણ થતાં રેલનગર ફાયર બ્રિગેડ ટીમના રણજીતભાઈ ભરડા, રાહુલ મુનીયા, બિપીનભાઈ અંબાસણીયા સહિતની ટીમે પહોંચી રેસ્કયુ કરી બિલાડીને જીવતી બહાર કાઢી બચાવી લીધી હતી. ફાયર બ્રિગેડ ટીમની આ કામગીરી નિહાળવા એકઠા થયેલા લોકોએ



જીવદયા પ્રેમીઓએ આ જવાનોની પ્રસંશા કરી હતી.

# ૧૫૦૦થી વધારે આરાધકોએ આયંબિલ તપની આરાધના કરી

રાજકોટ:સમસ્ત રાજકોટ સ્થાનકવાસી જૈન સમાજના વિવિધ ઉપાશ્રયોમાં બીરાજમાન ઉપકારી પૂ.સાધુ - સાધ્વીજીઓએ ચૈત્ર માસની આયંબિલ ઓળીના સતત નવ દિવસ સુધી પંચ પરમેષ્ઠી તથા જ્ઞાન, દર્શન,ચારિત્ર અને તપ એમ નવ પદ ઉપર સુંદર મજાનું મનનીય અને પ્રેરક પ્રવચન ફરમાવેલ.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે આજે પાખીનો પાવન અને પવિત્ર દિવસ તેમજ આયંબિલ ઓળીનો અંતિમ દિવસ રહેલો છે.

ધર્મ નગરી રાજકોટ શહેરના વિવિધ ઉપાશ્રય - આયંબિલ ભવનોમાં સળંગ નવ - નવ દિવસ સુધી પંદરસોથી વધારે આરાધકોએ આયંબિલ તપની આરાધના કરી કર્મથી હળવા ફૂલ બની જિન શાસનની આન - બાન અને શાન વધારેલ.

# રાજકોટમાં જી.ટી.શેઠ વિદ્યાલયમાં બ્લડ ડોનેશન કેમ્પ - નિવૃત્ત વિદાયમાન સમારોહ યોજાયો

રાજકોટ, ધ જૈન એજયુકેશન સોસાયટી, મુંબઈ સંચાલિત શ્રી જી.ટી.શેઠ વિદ્યાલય, કાલાવડ રોડ, રાજકોટ ખાતે ટ્રસ્ટીજ ડો.સુશીલાબેન કે. શેઠની પ્રથમ વાર્ષિક પૂણ્યિતિથિ નિમિતે ત્રિવિધ કાર્યક્રમ અંતર્ગત ઈલેકટ્રોનિકસ એન્ડ હાર્ડવેરના વિષયની



લેબોરેટરીનું ઉદઘાટન તેમજ રકતદાન શિબિર અને નવૃત થતા કર્મચારીઓના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ. શાળામાં વોકેશનલ એજ્યુ કેશન અંતર્ગત ચાલતા ઈલેકટ્રોનિકસ એન્ડક હાર્ડવેરની લેબોરેટરીનું સંસ્થા ના માનદમંત્રી હરેશભાઈ વોરાના હસ્તેશ ઉદઘાટન કરવામાં આવેલ. આ પ્રસંગે મહારકતદાન કેમ્પનું ઉદઘાટન ડો.વલ્લભભાઈ કથીરીયાના હસ્તે કરવામાં આવેલ.

# ૨૩.૫૦ લાખ મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ

રાજકોટ:રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર ગઈકાલે સ્પષ્ટ થયા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજથી ૨૩.૫૦ લાખ મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે. આ મતદાર સ્લીપના વિતરણની કામગીરી તા. ૨ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી દ્વારા આદેશ આપવામાં આવેલ છે.

મતદારોને આ વખતે સૌપ્રથમવાર ગુગલ મેપ-કયુઆર કોડવાળી મતદાર સ્લીપ આપવામાં આવી રહી છે. જેના થકી મતદારોને તેમના વિસ્તારોના મતદાન બુથ શોધવામાં આસાની થશે. મતદારો સહેલાઈથી મતદાન કરવા માટે મતદાન બુથ પર પહોંચી શકશે. રાજકોટ લોકસભા બેઠકની આ ચૂંટણી માટે ૨૨૨૫ મતદાન મથકો તૈયાર કરાયા છે. તેની સાથોસાથ ૧૧ ઓકઝીલીયરી (હંગામી) મતદાન મથકો તૈયાર કરાયાછે.

# ભ્રષ્ટાચાર:બે માસ પહેલા બે કરોડના ખર્ચે બનાવીને ખુલ્લા મૂકાયેલા પુલમાં ગાબડું!

## મસમોટુ ગાબડુ પડતા પુલ જોખમી બની ગયો હોય વાહનો માટે બંધ કરી દેવાયો : વાહનો ફરી જુના જર્જરિત પુલ પર ચાલશે,ભ્રષ્ટાચારનું પાપ ખુલ્લુ પડતા અધિકારીઓના મો સિવાયા

અમરેલી:અમરેલી જિલ્લામા માર્ગ અને મકાન વિભાગ એટલે ભ્રષ્ટાચારનુ મોટુ ઘર. સાવરકુંડલા રાજુલા માર્ગ પર જાપોદર ગામ નજીક બે કરોડથી વધુના ખર્ચે બનેલા નવા નક્કોર પુલને હજુ બે માસ પહેલા જ ખુલ્લો મુકાયો હતો. પરંતુ આટલા સમયમા જ તેમા મસમોટુ ગાબડુ પડતા પુલ જોખમી બની ગયો હોય વાહનો માટે બંધ કરી દેવાયો છે.અમરેલી જિલ્લામા મોટાભાગના કામો રાજકીય આગેવાનો અને કાર્યકરો કરે છે. ભ્રષ્ટ નેતાઓ અને ભ્રષ્ટ સરકારી બાબુઓને જાણે શરમ જેવુ કંઇ છે જ નહી. જેના કારણે જિલ્લાભરમા દરેક સ્થળે માર્ગ અને મકાન વિભાગના તમામ કામો નબળી ગુણવતાના થઇ રહ્યાં છે. માત્ર ૩૦ થી ૩૫ ટકાનો ખર્ચ કરી ૬૫થી ૭૦ ટકા જેવી રકમ આવા તત્વોના ખિસ્સા ભરવામા જઇ રહી છે. જેનુ પરિણામ એ આવે છે કે રસ્તાઓ કે પુલ,



નાળા બને તે સાથે જ ગણતરીના સપ્તાહોમા તુટવા લાગે છે.રાજુલા સાવરકુંડલા માર્ગ પર પણ આવુ જ થયુ છે. જાપોદર ગામ નજીક પુલ જર્જરિત બન્યો હોય તેની બાજુમા જ નવો પુલ બનાવાયો છે. ચુંટણી પહેલા જ તેના પરથી વાહન વ્યવહાર શરૂ કરી દેવાયો પરંતુ આટલા ટુંકાગાળામા પુલ જોખમી બની ગયો છે અને તેમા આજે મસમોટુ ગાબડુ પડતા તેને બંધ કરી દેવાયો છે. જુનો પુલ પણ જર્જરિત છે અને બે ત્રણ દિવસમા જ તેને તોડવાનુ કામ શરૂ કરવાનુ હતુ. પરંતુ હવે આ પુલને ફરી કાર્યરત કરી દેવાયો છે. અને હાલમા તેના પરથી વાહન વ્યવહાર ચાલી રહ્યો છે. નવા બનેલા પુલમા ઠેકઠેકાણે મોટી તિરાડો પણ પડી ગઇ છે. ભ્રષ્ટાચારનો ભોરીંગ એટલી હદે ભરડો લઇ ગયો છે કે માત્ર દેખાડવા માટે પણ કોઇને સામે કાર્યવાહી થઇ રહી નથી.ભાવનગર સોમનાથ નેશનલ હાઇવે પર બનેલા પુલોની પણ આ જ સ્થિતિ છે. અહી પુલ અને રસ્તામા નવા બન્યાના ગણતરીના સપ્તાહમા ગાબડાઓ પડવા માંડયા છે.નબળા કામની ફરિયાદ કોઇ સાંભળતુ જ નથી.અમરેલી જિલ્લામા મોટાભાગના અધિકારીઓને સજામા મુકવામા આવે છે. આ અધિકારીઓને બદલીનો કોઇ ડર હોતો નથી. અને સરકારનો કોઇ ડર રાખ્યા વગર ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર આચરે છે. જેના કારણે સ્થિતિ એ થાય છે કે ભ્રષ્ટાચારની ફરિયાદ સાંભળવાવાળુ કોઇ રહ્યું નથી.

# હનુમાન જયંતિની આસ્થાભેર ઉજવણી, ભૂરખીયા હનુમાન મંદિરે હૈયેહૈયુ દળાયું

અમરેલી:અમરેલી જિલ્લામા હનુમાન જયંતિની આસ્થાભેર ઉજવણી કરવામા આવી હતી. ઠેરઠેર હનુમાન મંદિરોને શણગાર કરાયો હતો. જયારે હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠનુ આયોજન કરાયુ હતુ. તો અમરેલીથી ભુરખીયા સુધી પદયાત્રિકોનો ભારે પ્રવાહ ભુરખીયા મંદિરે પહોંચ્યો હતો. રસ્તામા ઠેરઠેર સેવાભાવી લોકો દ્વારા ઠંડાપીણા, ખાણીપીણીના સ્ટોલ ઉભા કરાયા હતા. અહી ભાવિકોએ વહેલી સવારે આરતીનો લ્હાવો લીધો હતો.અમરેલીથી ગઇકાલે સાંજથી જ ભુરખીયા મંદિર સુધીની ૪૨ કિમી સુધીની પદયાત્રાનો ભાવિકોએ આરંભ કર્યો હતો. રસ્તામા વિવિધ સેવાભાવી સંગઠનો, મંડળો અને યુવા ગૃપ દ્વારા ઠંડાપીણા, ખાણીપીણીના સ્ટોલ ઉભા કરાયા હતા. રસ્તામા ઠેરઠેર ટ્રાફિક જામને પહોંચી વળવા પોલીસ દ્વારા પણ સઘન પેટ્રોલીંગ કરવામા આવ્યું હતુ. ભુરખીયા મંદિરને રોશનીથી શણગાર કરાયો હતો. અહી રાત્રીના સમયે લોકડાયરો પણ યોજાયો હતો. વહેલી સવારે મોટી સંખ્યામા ભાવિકોએ આરતીનો લ્હાવો લીધો હતો.બગસરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં અનેક સ્થળોએ હનુમાન



જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બગસરાના શાપર ગામે કનકભવન આશ્રમ ખાતે ચૈત્રી પૂનમ નિમિત્તે હનુમાન જયંતિની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.આશ્રમ ખાતે સુંદરકાંડના પાઠ, સાંજના સમયે મહા આરતી તથા બટુક ભોજન, ભવ્ય સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંતો અને હનુમાન ભક્તો હાજર રહ્યા હતા. આ ઉપરાંત શહેર વિસ્તારમાં અજર અમરની જગ્યા, અમરપરા, નાની બજાર, દવાખાના રોડ, સહિતના અનેક જગ્યાએ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૈત્રી પૂનમ નિમિત્તે બગસરાના મુંજીયાસર ડેમ ખાતે લોકમેળો પણ યોજાયો હતો. જેમાં અનેક પરિવારોએ ઉજાણી કરી હતી.

# બનેવી પર સાળાનો તલવાર વડે હુમલો

અમરેલી:

જેતપુરમા રહેતા યુવકે તેના પત્નીને બોટાદ સીમંત પ્રસંગમા જવાની ના પાડી હતી. આ મુદે બાબરા રહેતા યુવકના સાળાએ મનદુખ રાખી ફોનમા ગાળો આપી યુવકને બાબરા બોલાવી તલવાર વડે હુમલો કરી ઈજા પહોંચાડતા આ બારામા તેની સામે બાબરા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવાઇ છે. પૃથ્વીરાજભાઇ સુરેશભાઇ ધાધલ (ઉ.વ.૩૦) નામના યુવકે બાબરા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેના પત્નીને બોટાદ સીમંત પ્રસંગમા



જવાની ના પાડી હતી. જે બાબતનુ મનદુખ રાખી બાબરા રહેતા તેના સાળા ભવદિપ ખાચરે તેને બાબરા બોલાવ્યો હતો. અહી ભવદિપે તલવાર વડે ઈજા પહોંચાડી ગાળો આપી હતી. તેમજ હરેશભાઇ ખાચર, જયદીપભાઇ અને કુલદીપભાઇએ ઢીકાપાટુનો મારમારી ઈજા પહોંચાડી હતી.જયારે ભવદિપભાઇ ખાચરે વળતી નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેના બહેન બાબરા પિયરમા રોકાવા આવ્યા હોય ગઇકાલે તેને સાળંગપુર સીમંત પ્રસંગમા જવાનુ હોય આ બાબતે પૃથ્વીરાજ ધાધલને સારૂ નહી લાગતા છરી વડે ઈજા પહોંચાડી હતી. તેમજ બે અજાણ્યા શખ્સોએ ઢીકાપાટુનો મારમાર્યો હતો. બનાવ અંગે પોલીસે બંને પક્ષેથી ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કાર, મોબાઈલ અને રોકડની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

અમરેલી:ધારીમાં કાર, મોબાઈલ અને રૂપિયા ૫૭૦૦ની રોકડ રકમની ચોરી કરનાર કલ્યાણપુરના કનેડીના શખ્સને પોલીસે ઝડપી લીધો હતો. તેમની પાસેથી રૂપિયા ૧૭૨૧૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.ધારીમાં એક ઓફિસમાંથી રૂપિયા ૫૭૦૦ની રોકડ સાથે પાકીટ, રૂપિયા ૧૬૪૯૦ની કિંમતનો મોબાઈલ ફોન અને ઘરની શેરીની બહાર પાર્ક કરેલ કાર નંબર જી.જે.૧૧.સી.ડી-૩૮૬૪ની ચોરી થયાની પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.ત્યારે ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એમ.દેસાઈની રાહબરી નીચે



ટીમે કાર, પાકીટ અને મોબાઈલની ચોરી કરનાર દ્વારકાના કલ્યાણપુરના કેનેડીના જેસા ઉર્ફે જગદીશ ભાયાભાઈ ચાવડાને ધારી-ચલાલા રોડ પરથી ઝડપી લીધો હતો. તેમની પાસેથી પોલીસે રૂપિયા ૧૭૨૧૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# ખૂની હુમલો કરનાર શખ્સને ૨ વર્ષની કેદ

રાજુલા:રાજુલા તાલુકાના માંડણ ગામના એક ખેડૂતને ૧૧ વર્ષ પહેલા મછુંદ્રા ગામના શખ્સે કુહાડી ઝીંકી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોય અદાલતે હુમલાખોરને બે વર્ષની કેદ ફટકારી છે.રાજુલાના એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટે આજે રાજુલા તાલુકાના નાના મછુંદ્રા ગામના હાથી આલાભાઈ અરડુ નામના શખ્સને આ સજા ફટકારી હતી. વર્ષ ૨૦૧૩મા રાજુલા તાલુકાના માંડણ ગામના ભુપતભાઇ મંગળભાઇ હડીયલ પોતાના ખેતરમા આંટો મારવા ગયા ત્યારે આરોપી હાથી અરડુ ખેતરમા માલઢોર ચરાવતો હતો જેનાથી પાકને નુકશાન થતુ હોય તેમણે માલઢોર ચરાવવાની ના પાડતા સારૂ નહી લાગવાથી તેણે ભુપતભાઇને કુહાડી ઝીંકી ઈજા પહોંચાડી હતી. આ અંગેનો કેસ ચાલી જતા નજરે જોનારા સાહેદો પંચ અને ડોકટરની જુબાની તથા દસ્તાવેજી પુરાવાના આધારે અદાલતે સરકારી વકિલ દિવ્યેશ ગાંધીની દલીલોને ધ્યાને લઇ આ શખ્સને બે વર્ષની સાદી કેદ અને રૂા. ૬ હજારનો દંડ ફટકાર્યો હતો.

# હિન્દુ નામ ધારણ કરી વિધવા મહિલા પર અનેકવાર દુષ્કર્મ આચરનાર કુખ્યાત યાસીન ઉર્ફે ભુરો ઝડપાયો

## આરોપી યાસીન મારામારી, હત્યાનો પ્રયાસ, લુંટ,ગુજસીટોક હેઠળ જેલની હવા ખાઈ આવેલ છે

રાજકોટ

રાહુલ પ્રજાપતિ નામ ધારણ કરી વિધવા મહિલા પર અનેકવાર દુર્ષ્કમ કરનાર કુખ્યાત હીસ્ટ્રીશીટર યાસીન ઉર્ફે ભુરાની ક્રાઈમ બ્રાંચની ટીમે સાંઢીયા પુલ પાસેથી ધરપકડ કરી હતી.બનાવ અંગે ભોગ બનનાર મહિલાએ મહિલા પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે તેમને ૧૮ વર્ષ પહેલા લવમેરેજ કર્યા હતા બાદમાં તેમના પતિએ આપઘાત કરી લીધો હતો. આઠેક વર્ષ પહેલા મોબાઈલ રીચાર્જ કરવા ગયેલ ત્યારે યાસીન ઉર્ફે ભુરાનો પરીચય થતા મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી. જેથી અવારનવાર તેની સાથે વાતચીત કરી એકબીજાને રૂબરૂ મળતા હતા.સાથે તેણીનો પુત્ર પણ મળવા આવતો હોવાથી તેણે કહ્યું હતું કે મમ્મી આને ડેડી કહું જેના કારણે યાસીન ઉર્ફે ભુરા પ્રત્યે લાગણી થતા તેનું નામ પુછતા રાહુલ કહ્યું હતું. એટલું જ નહીં પોતે હિન્દુ હોવાનું અને છુટાછેડા થઈ ગયા હોવાનું કહ્યું હતું અને સાથોસાથ પોતાના પરીવારના સભ્યો સાથે પણ મુલાકાત કરાવી હતી. બાદમાં કહ્યું કે આપણે રીલેશનશીપમાં રહી બાદમાં લગ્ન કરી લેશું.દરમ્યાન તેને લગ્નની લાલચ આપી મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધતો હતો



ત્યાર બાદ યાસીન ઉર્ફે ભુરાની ગુજસીટોકમાં અટકાયત થઈ હતી. જેમાં સાડા ત્રણ વર્ષ સુધી જેલમાં રહ્યો હતો. થોડા સમય પહેલા જેલમાંથી છુટી ઘરે આવ્યો ત્યારે પરીવારજના સભ્યોએ તેના વિશે મોબાઈલ ફોનમાં કોઈની સાથે વાતચીત કરતી હોવાની ચડામણી કરતા શંકા કુશંકા કરી મારકૂટ શરૂ કરી દીધી હતી.તેણી નાના મોટા કામ કરી જે પણ કંઈ કમાતી તે યાસીન લઈ બળજબરીથી વાપરી નાખતો હતો. લગ્નનું કહેતા એટલું જ નહીં મકાનમાં જે રહે છે તેના કાગળો જબરદસ્તીથી લઈ ફાડી સળગાવી નાખ્યા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરી હેઠળ પીએસઆઈ ડી.સી. સાકરીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા.ત્યારે સાથેના એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, હે.કો. સંજય દાફડા અને હરદેવસિંહ રાઠોડને મળેલ ચોકકસ બાતમીના આધારે કુખ્યાત આરોપી યાસીન ઉર્ફે ભુરો ઓસમાણ કઈડા રહે. લાખાબાપાની વાડી, કમેટી ચોક પાસે જામનગર રોડને સાંઢીયા પુલના ખુણા પાસેથી પકડી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, કુખ્યાત આરોપી યાસીન ઉર્ફે ભુરા વિરૂધ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં મારામારી, હત્યાનો પ્રયાસ, લુંટ સહિતના ગુનાઓ નોંધાયેલ છે. તેમજ ગુજસીટોક હેઠળ પણ જેલની હવા ખાઈ આવેલ છે.

# વેપારીના બેંક ખાતામાંથી ૮.૯૪ લાખ મેળવી છેતરપિંડી આચરી

## એટીએમ નંબર, પાસવર્ડ મેળવી લઇ યુપીઆઇ આઇડી બનાવી નાણાં પડાવ્યા

અમરેલી:ખાંભા તાલુકાના ડેડાણમા રહેતા એક વૃધ્ધ વેપારી પાસેથી એક શખ્સે એટીએમ નંબર, પાસવર્ડ મેળવી લઇ યુપીઆઇ આડી બનાવી તેના બેંક ખાતામાથી ૮.૯૪ લાખ મેળવી લઇ છેતરપીંડી આચરતા આ બારામા વેપારીએ અમરેલી સાયબર ક્રાઇમ પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે.કરશનભાઇ વશરામભાઇ વાળા (ઉ.વ.૬૫) નામના વેપારીએ અમરેલી સાયબર ક્રાઇમ પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે મોટા સરાકડીયામા રહેતા સંજયભાઇ બાલાભાઇ રાઠોડ નામના શખ્સે તેને વિશ્વાસમા લઇ તેના બેંક ઓફ ઇન્ડિયા અમરેલી શાખાના બેંક




એકાઉન્ટ નંબર, એટીએમ નંબર તથા પાસવર્ડ મેળવી લીધો હતો. બાદમા આ શખ્સે બેંક ખાતામાથી કુલ રૂપિયા ૮,૯૪,૪૦૯ મેળવી લઇ છેતરપીંડી આચરી હતી. બનાવ અંગે પીઆઇ વી.એમ.કોલાદરા આગળની તપાસ ચલાવી રહ્યાં છે.

### ટ્રેકટર અટકાવી યુવકને મારી નાખવાની ધમકી આપી

ધારી તાલુકાના કરમદડીમા રહેતા એક યુવકનુ ટ્રેકટર અટકાવી ચાર શખ્સોએ ગાળો આપી મારી નાખવાની ધમકી આપતા આ બારામા ધારી પોલીસ મથકમા ફરિયાદ નોંધાવાઇ છે.મળતી વિગત મુજબ, અરવિંદભાઇ ધનજીભાઇ નગવાડીયા (ઉ.વ.૨૯) નામના યુવકે ધારી પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેઓ ટ્રેકટર લઇને આવી રહ્યાં હતા ત્યારે તેનુ ટ્રેકટર અટકાવી શંભુ ભાણાભાઇ માલણીયા, કાળુ ભાણાભાઇ, સંજય શંભુભાઇ અને રોનક કેશુભાઇ સીસણાદા નામના શખ્સોએ બોલાચાલી કરી હતી.આ શખ્સોએ પાઇપ અને કુહાડીના છુટા ઘા કરવા જતા તેઓ છટકી ગયા હતા. બાદમા આ શખ્સોએ બિભત્સ ગાળો આપી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# સાવરકુંડલા: કાર હડફેટે આધેડનું મોત

અમરેલી:સાવરકુંડલા તાલુકાના જાબાળમા રહેતા એક આધેડ પોતાના માલઢોર ચરાવવા સીમ વિસ્તારમા નીકળ્યા હતા ત્યારે જાબાળથી આંબરડી જતા માર્ગ પર એક કાર ચાલકે તેને હડફેટે લેતા માથામા ગંભીર ઈજા પહોંચતા તેનુ મોત નિપજયું હતુ.અકસ્માતની આ ઘટના જાબાળથી આંબરડી માર્ગ પર બની હતી. જાબાળમા રહેતા ઘનશ્યામભાઇ મેહુલભાઇ હેલૈયા (ઉ.વ.૨૧) નામના યુવકે સાવરકુંડલા તાલુકા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેના પિતા મેહુલભાઇ ઘરેથી માલઢોર લઇને ચરાવવા માટે નીકળ્યાં હતા. તેઓ જાબાળ આંબરડી માર્ગ પર પહોંચ્યા ત્યારે કાર ચાલકે તેને હડફેટે લીધા હતા. મેહુલભાઇને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને બેભાન હાલતમા સારવાર માટે સાવરકુંડલા સરકારી દવાખાને ખસેડવામા આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માત સર્જનાર કાર નંબર જીજે ૦૧ કેએમ ૨૭૭૫ના ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દેશી બંદુક સાથે આધેડ ઝડપાયો

અમરેલી:લીલીયા પોલીસે અહીના શેઢાવદર જવાના માર્ગ પરથી લોકા ગામે રહેતા યુસુફભાઇ કાસમભાઇ સૈયબ (ઉ.વ.૫૦) નામના આધેડને દેશી બંદુક સાથે ઝડપી લીધો હતો. આ શખ્સે તેની પાસે કોઇપણ પ્રકારના લાયસન્સ વગર ગેરકાયદે બંદુક રાખી હોવાનુ જણાતા પોલીસે તેની સામે આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધી હથિયાર કબજે લીધુ હતુ. બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઇ ચલાવી રહ્યાં છે.

# લોધિકાના ખાંભામાં અજાણ્યા યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ક્રૂર હત્યા

## વાડીની ઓરડીમાં હત્યા કરાયા બાદ લાશ ઢસડીને રોડ પર ફેંકી દેવાઈ

રાજકોટ: લોધિકાના ખાંભા ગામની સીમમાં આવેલી વાડી પાસેથી અજાણ્યા યુવાનની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલી લાશ મળી આવતાં લોધિકા પોલીસે ખુનનો ગુનો નોંધી તપાસ આગળ ધપાવી છે. જોકે આજે મોડી સાંજ સુધી પોલીસને મૃતકની ઓળખ મળી નથી. ખાંભા ગામની સીમમાં ખાંભેશ્વર ઈન્ડસ્ટ્રીઝ પાસે આવેલી હિતેષભાઈ કોરાટની વાડીની બે પૈકીની એક ઓરડીમાં અજાણ્યા યુવાનની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયા બાદ લાશને ઢસડીને નજીકના સિમેન્ટ રોડ પર ફેંકી દેવાઈ હતી. ગઈકાલે રાત્રે આ લાશ મળ્યાની જાણ થતાં લોધિકા પોલીસનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે જોતાં મૃતકની ઉંમર આશરે ૩૨ વર્ષ આસપાસ જણાઈ હતી. તેના ગળા, કપાળ અને પેટના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકાયેલા હતા. સ્થળ પર જરૂરી કાર્યવાહી કર્યા બાદ પોલીસે જે વાડી નજીકથી લાશ મળી તે વાડી વાવવા રાખનાર જગદિશભાઈ સખીયા (ઉ.વ.૫૫, રહે. ખાંભા)ની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે મૃતકે આછા ગુલાબી કલરનો શર્ટ અને ટ્રેક પેન્ટ પહેર્યુ છે. કપાળના ભાગે ગુજરાતીમાં રામ અને જમણા હાથમાં ટેટુ ઉપરાંત તેની નીચે હિન્દીમાં નરશીમાં ત્રોફાવેલું છે. પોલીસે આસપાસ કામ કરતા શ્રમિકોને લાશ બતાવી હતી. પણ કોઈ ઓળખી શકયું ન હતું. આ સ્થિતિમાં પોલીસે મૃતકની ઓળખ મેળવવા માટે તપાસનો દોર જારી રાખ્યો છે. મૃતકની ઓળખ મળ્યા પછી જ હત્યા કયા કારણસર કરવામાં આવી હતી અને કોણે કરી તે સહિતની બાબતે ખુલાસા થવાની સંભાવના છે.

# જાફરાબાદમાં સાગરખેડૂઓએ દરિયાદેવનું પૂજન કરી બોટ દરિયાદેવના ખોળે વહેતી મુકી

રાજુલા:જાફરાબાદ પંથકના સાગરખેડૂઓ આમ તો વર્ષમા ચાર વખત દરિયાદેવનુ પુજન કરે છે. ત્યારે ચૈત્રી પુનમે જાફરાબાદના સાગરખેડૂઓએ બોટની પ્રતિકૃતિરૂપે લાકડાની નાની ૨૫૦ બોટ બનાવી પુજનઅર્ચન કરી દરિયાદેવના ખોળે વહેતી મુકી દરિયાદેવનુ પુજન કર્યુ હતુ.ખારવા સમાજ દ્વારા ચૈત્રી પુનમે દરિયાદેવનુ પુજન કરાયુ હતુ. અહી બોટની પ્રતિકૃતિરૂપે નાની લાકડાની ૨૫૦ બોટ બનાવવામા આવી હતી. બોટ માલિકો તેમજ માછીમાર પરિવારના સભ્યો દ્વારા આવી નાની બોટો બનાવી તેને શણગારવામા આવી હતી અને બાદમા દરિયાકાંઠે પહોંચી દરિયાદેવને દિવો, ધુપ કરી અબીલ ગુલાલ અને શ્રીફળ તેમણ ચણાનો પ્રસાદ અર્પણ કરી પુજનઅર્ચન કરાયુ હતુ. અહી માછીમાર પરિવાર દ્વારા



દરિયો ખેડવા ગયેલા પરિવારના સભ્યોની રક્ષા માટે દરિયાદેવને પ્રાર્થના કરી હતી. અહી ૨૫૦ બોટ દરિયામા વહેતી મુકાઇ હતી. દરિયામા આવતી આફતોથી પરિવારના સભ્યોની રક્ષા માટે દરિયાદેવનુ પુજન કરાયુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસાની સિઝનની શરૂઆત પહેલા પણ માછીમારો દ્વારા દરિયાદેવનુ પુજન કરવામા આવે છે અને બાદમા માછીમારો દરિયો ખેડવા માટે નીકળી પડે છે.બોટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું હતુ કે ચૈત્રી પુનમે માછીમાર પરિવારના સભ્યો દરિયાદેવનુ પુજન કરે છે. અહી કારીગરો દ્વારા નાની બોટો તૈયાર કરવામા આવે છે. અને બાદમા દરિયામા વહેતી મુકાઇ છે.અહી મોટી બોટો દરિયો ખેડવા ગઇ હોય છે. ત્યારે કારીગરો નાની બોટો બનાવે છે. બાદમા નાના બાળકો, મહિલાઓ તેમજ બોટ માલિકો નાની બોટોનુ પુજન કરે છે.દરિયાદેવની સાથે મહિલાઓ અને બાળકો નાની બોટનું પણ પુજન કરે છેપરિવારની રક્ષા માટે કરાતુ પૂજનાબોટની પ્રતિકૃતિરૂપે લાકડાની નાની ૨૫૦ બોટ બનાવી પુજન અર્ચન કરી દરિયાદેવના ખોળે મૂકાઇ

# મધદરિયે કોઈ દુર્ઘટના બને તો હવે સ્પીડ બોટ મદદે આવશે

## દરિયામાં ભરતી સમયે પણ બોટ કાર્યરત રહેશે

રાજુલા: મધદરિયે માછીમારોની મદદ માટે હવે જાફરાબાદના પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન હેઠળ સ્પીડ બોટ કાર્યરત કરવામાં આવી છે. આ બોટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૩૦ નોટીકલ માઈલની સ્પીડે આ બોટ માછીમારોની મદદ પહોંચી જશે.જાફરાબાદમાં મોટાભાગની વસ્તી માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલી છે. માછીમારો માછીમારી કરવા માટે દરિયો ખેડે છે. પરંતુ કોઈ સમયે માછીમારોને અકસ્માત કે હાર્ટએટેક કે પછી બીમારી ઉપરાંત ડુબી જવાથી મોત



પણ થતું હતું. પરંતુ પાણીનો ભરાવો હોવાથી મુસીબત સમયે સામાન્ય બોટ તેમને લેવા પણ જઈ શકતી ન હતી.જાફરાબાદના દરિયા કાંઠે માછીમારોની મદદ માટે સ્પીડ બોટ ફાળવવા માટે વખતો વખત રાજકીય અગ્રણીઓ અને માછીમાર બોટ એસોસીએશને પણ માંગણી કરી હતી.અંતે સ્પીડ બોટની ફાળવણી કરવામાં આવતા પીપાવાવ મરીન પોલીસના પીઆઈ ઈશરાણીના હસ્તે તેમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બોટથી મધ દરિયે માછીમારોનો જીવ બચાવી શકાશે. ૩૦ નોટીકલ માઈલની સ્પીડે સ્પીડ બોટ માછીમારો સુધી પહોંચશે.જાફરાબાદની દરિયાઈ પટ્ટી વિસ્તારમાં માછીમારોની મદદ માટે સ્પીડ બોટ કાર્યરત કરવામાં આવી છે. ત્યારે હવે દરિયામાં ગમે તેવી પાણીની ભરતી હશે તો પણ આ સ્પીડ માછીમારોની મદદ માટે કાર્યરત રહેશે.